AWB

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of The Post** | **Administrative Officer, GSS, Commissionerate of Fisheries, Class-2** |
| **Advertisement No** | **22/2020-21** |
| **Preliminary Test Held On** | **18-07-2021** |
| **Que. No.** | **001-300 (General Studies & Concern Subject)** |
| **Publish Date** | **19-07-2021** |
| **Last Date to Send Suggestion (S)** | **28-07 -2021** |

## Instructions / સૂચના (Physical Submission)

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted in prescribed format of suggestion sheet PHYSICALLY.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (Suggestion Sheet) published on the website.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered & treated as Cancelled.

(7) Candidate who is present in the exam entitled to submit the objection/(s).

(8) Candidate should attach copy of his/her OMR (Answer sheet) with objection/(s).

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહી.

(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

(7) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા - સુચન રજુ કરી શકશે .

(8) ઉમેદવારે વાંધા-સુચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

001. નીઑરાવેલી નેશનલ પાર્ક (Neora Valley National Park) કયા રાજ્યમાં આવેલ છે ?

(A) પશ્ચિમ બંગાળ
(B) આસામ
(C) કેરળા
(D) મેઘાલય

002. સુંદરબન (Sundar bans) અંગે નીચેના વાક્યો ચકાસો.

1. આ લો-લાઈગ આયલેન્ડ (નીચાણ વાળા ટાપુઓનો સમુહ છે અને તે ભારત બાંગલાદેશ અને મ્યાનમાર (બર્મા)ની હદ સુધી પ્રસરેલ છે.

2. આ વિસ્તાર મેન્ગ્રુવ (Mangrove) પેંથેરા ટાઈગર, રૉયલ બેંગાલ ટાઈગર, ડૉલફીન જેવી પ્રજાતીઓ માટે પ્રખ્યાત છે.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે.
(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે.
(C) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.

003. કસ્તુરી હરણ (The Musk Deer) ભારતમાં કુદરતી વાતાવરણમાં ઉછેર થતો હોય, તેવી કઈ જગ્યાઓ છે ?

1. એસ્કોટ વાઈલ્ડ લાઈફ સેન્ચુરી (Askot wildlife sanctuary)
2. ગંગોત્રી નેશનલ પાર્ક
3. કિશનપુર વાઈલ્ડ લાઈફ સેન્ચુરી
4. માનસ નેશનલ પાર્ક

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 3 અને 4
(D) 4 અને 1

004. ગલ્ફ ઑફ મન્નાર બાયોસ્ફીયર રીઝર્વ (GOMBR) બાબતે નીચે પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

(A) GOMBR એ ભારતનું પ્રથમ દરિયાઈ બાયોસ્ફીયર અનામત છે.
(B) રામેશ્વરથી તુતીકોરીન સુધી આ ‘‘બાયોસ્ફિયર અનામત’’ વિસ્તારેલ છે.
(C) આને યુનેસ્કોના - MAB પ્રોગ્રામ (UNESCO - MAB programme) હેઠળ માન્યતા મળેલ છે.
(D) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.

005. ‘ઈન્જીન્યુટી હેલીકૉપ્ટર’ (Ingenuity Helicopter) શું છે ?

(A) પ્રાણીઓને બચાવવા માટે હેલિકૉપ્ટર
(B) કોવીડ-19 નાં ગંભીર દરદીને હૉસ્પીટલમાં લઈ જવા માટેનું હેલિકૉપ્ટર
(C) આગ બુજાવવા માટે ઉપયોગી હેલિકૉપ્ટર
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

006. ઉમંગોટ નદી (Umangot River) બાબતે કયું વિધાન યોગ્ય નથી ?

1. આ નદી આસામમાં આવેલ છે.
2. જૈનતીયા (Jaintia) અને ખાસી પર્વતોને કુદરતી રીતે અલગ પાડે છે.
3. આ ભારતની સૌથી ચોખ્ખી નદી છે.

(A) 1
(B) 2
(C) 3
(D) 1, 2 અને 3

007. રાજ્યના જીલ્લાઓ અને જીલ્લા મથકોની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

1. અરવલ્લી – આણંદ 2. બનાસકાંઠા – પાલનપુર 3. ડાંગ – આહવા 4. મહીસાગર – મોડાસા

(A) 2 અને 3
(B) 1 અને 4
(C) 3 અને 4
(D) 3 અને 2

008. ગુજરાત રાજ્યમાં આવેલ વિજ મથકો અને તેના જીલ્લાઓ યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| 1. અકરી મોટા થર્મલ પાવર સ્ટેશન | a. આણંદ |
| 2. ધુવારણ | b. વડોદરા |
| 3. વણાકબોરી | c. ખેડા |
| 4. જી.આઈ.પી.સી.એલ (GIPCL) | d. કચ્છ |

(A) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(B) 1 - c, 2 - b, 3 - d, 4 - a
(C) 1 - d, 2 - a, 3 - c, 4 - b
(D) 1 - a, 2 - c, 3 - b, 4 - d

009. સેન્સસ 2011 મુજબ નીચેના પૈકી કયા જોડકા યોગ્ય છે.

| રાજ્ય (State) | વસ્તી ઘનતા (Density) | સેક્સ રેશીયો (Sex ratio) | સાક્ષરતા (Literacy) |
|---|---|---|---|
| 1. ઉત્તર પ્રદેશ | 829 | 940 | 74.04 |
| 2. બિહાર | 1106 | 918 | 61.80 |
| 3. રાજસ્થાન | 200 | 928 | 66.11 |
| 4. ગુજરાત | 308 | 919 | 78.03 |

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2, 3 અને 4 યોગ્ય છે.
(C) 1, 2, 3 અને 4 યોગ્ય છે.
(D) 1, 2, 3 અને 4 બધાજ અયોગ્ય છે.

010. જીલ્લાની વસ્તી ઘનતા (Density), સેક્સ રેશીયો (Sex ratio) અને સાક્ષરતા દર (Literacy) બાબતે નીચેના પૈકી કયું જોડકુ યોગ્ય નથી ?

| જીલ્લો (District) | વસ્તી ઘનતા (Density) | સેક્સ રેશીયો (Sex ratio) | સાક્ષરતા દર (Literacy) |
|---|---|---|---|
| (A) અમદાવાદ | 890 | 904 | 85.31 |
| (B) બનાસકાંઠા | 290 | 938 | 65.32 |
| (C) આણંદ | 653 | 925 | 84.37 |
| (D) તાપી | 486 | 1017 | 62.82 |

011. ગુજરાતના જાહેર સાહસો (PSU) અને તેના વડા મથકો (Head quarter) અંગેની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમીકલ કંપની (GSFC) – વડોદરા
(B) ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર કંપની (GNFC) – ભરૂચ
(C) ગુજરાત ગૅસ લી. (Gujarat Gas Ltd.) – ગાંધીનગર
(D) ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પો. લી. (GMDC) – ભુજ-કચ્છ

012. ભારતના તળાવો (Lake) અને સબંધીત રાજ્યોની જોડીઓ ગોઠવો.

| | |
|---|---|
| 1. પુલકેટ લેક (Pulicat Lake) | a. ગુજરાત |
| 2. ચંદુબી લેક (Chandubi Lake) | b. આંધ્ર પ્રદેશ |
| 3. કનવર લેક (Kanwar Lake) | c. આસામ |
| 4. થોળ લેક (Thol Lake) | d. બિહાર |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

013. ભારતનાં બંધ (Dams) અને રાજ્યોની જોડીઓ પૈકી કઈ જોડી/જોડીઓ યોગ્ય નથી ?

1. નીઝામ સાગર ડૅમ (Nizam Sagar Dam) – તેલંગણા

2. શ્રી સઈલમ ડૅમ (Sri Sailam Dam) – આંધ્ર પ્રદેશ

3. ઉકાઈ ડૅમ (Ukai Dam) – રાજસ્થાન

4. માયથોન ડૅમ (Maithon Dam) – ઝારખંડ

(A) 4 (B) 3

(C) 2 (D) 1

014. દાદા સાહેબ ફાળકે એવોર્ડ - સબંધી નીચેના વાક્યો પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

1. ભારતના ફિલ્મ જગતનો આ સર્વોચ્ચ એવોર્ડ છે.

2. નેશનલ ફીલ્મ એવોર્ડ સેરેમનીની સાથે આ એવોર્ડ આપવામાં આવે છે.

3. સૌથી પ્રથમ એવોર્ડ - દેવીકા રાની ને મળેલ હતો.

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 3 અને 1 (D) 1, 2 અને 3

015. ચીનાબ પુલ (Chenab Bridge) બાબતે નીચેના પૈકી કયું વાક્ય/વાક્યો યોગ્ય છે ?

1. આ પુલ દિનિયાનો સૌથી ઉંચો રેલ્વે પુલ છે.

2. ખુબજ ટુંકા ગાળામાં ભારતીય સેના દ્વારા આ પુલનું બાંધકામ પૂર્ણ કરેલ છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.

(C) 1 અને 2 યોગ્ય છે. (D) 1 અને 2 યોગ્ય નથી.

016. ભારતની નદીઓ અને તેના ઉપરના શહેરો / યાત્રાધામની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) ગંગા નદી – ઋષિકેશ, પ્રયાગ, કાશી

(B) યમુના – દિલ્લી, મથુરા, આગરા

(C) ગન્ડક – વાલ્મીકીનગર, બગાહ, બીટાહ, હરીનગર, હાજીપુર

(D) બ્રહ્મપુત્રા – રાયપુર, બસ્તર, વિલાસપુર

017. ભારતના તળાવો (Lake) અને સ્થળ અંગે જોડીઓ ગોઠવો.

| લેક | સ્થળ |
|---|---|
| 1. ડાલ લેક (Dal Lake) | a. ભોપાલ |
| 2. લોકટક લેક (Loktak Lake) | b. આંધ્ર પ્રદેશ |
| 3. ભોજતલ લેક (Bhojtal Lake) | c. મણીપુર |
| 4. કોલ્લુરૂ લેક (Kolleru Lake) | d. શ્રીનગર |

(A) 1 - b, 2 - d, 3 - c, 4 - a (B) 1 - a, 2 - b, 3 - d, 4 - c

(C) 1 - c, 2 - a, 3 - b, 4 - d (D) 1 - d, 2 - c, 3 - a, 4 - b

018. ભારતના આદિવાસી નૃત્યો અને સબંધીત રાજ્યોની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) બાગુરૂમ્બા (Bagurumba) – આસામ (Assam)

(B) બારડો ચામ (Bardo Chham) – અરૂણાચલ પ્રદેશ

(C) ફુગડી (Fugdi) – મહારાષ્ટ્ર, ગોવા

(D) નાતી (Nati) – આંધ્ર પ્રદેશ

019. ભારતીય કવિઓ અને તેની કવિતાની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

**1. Sarojini Naidu – In the Bazaars of Hydrabad**

**2. Aron Kolatkar – Jejuri**

**3. Nambisan Vijay – Madras Central**

**4. Gopi Krishnan Kottoor – A Writer's Prayer**

(A) 4 (B) 3

(C) 2 (D) 1

020. હિન્દી ભાષાના લેખકો અને તેઓની કૃતિની જોડીઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય છે ?

1. પ્રેમચંદ – गबन

2. મહાદેવી વર્મા – पथ के साथी

3. જયશંકર પ્રસાદ – कंकाळ

4. હરિવંશરાય બચ્ચન – मिलन यामिनी

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 3 અને 4 (D) 1, 2, 3 અને 4

021. ભારતની અલગ-અલગ સાડી (Sarees) અને તેના રાજ્યોની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) તન્ત (Taant) – બંગાળ અને કસાવુ (Kasavu) – કેરળ

(B) કાંજીવરમ (Kanjeevaram) – તામીલનાડુ અને બોમકાઈ (Bomkai) – ઓડીસા

(C) પૈઠણી – મહારાષ્ટ્ર અને બાંધણી – ગુજરાત

(D) મુગા (Muga) – આંધ્ર પ્રદેશ અને પોચમપલ્લી (Pochampally) – ગોવા

022. ભારતમાં આવેલ ચર્ચો (Churches) અને તેમના સ્થળો પૈકીની કઈ જોડી યોગ્ય નથી ?

(A) સી કેથેડ્રલ ચર્ચ (Se Cathedral Chruch) – વેલ્હા, ગોવા (Velha, Goa)

(B) વેલનકન્ની ચર્ચ (Velenkanni Church) – નાગાપટ્ટમ, તામીલનાડુ

(C) ક્રાઈસ્ટ ચર્ચ (Christ Church) – સીમલા, હિમાચલ પ્રદેશ

(D) સેન્થોમી ચર્ચ (Santhome Church) – કલકત્તા

023. ગુજરાતના બીચ (Beach) અને સબંધીત જીલ્લાઓને જોડો.

| | |
|---|---|
| 1. તીથલ બીચ | a. સુરત |
| 2. માંડવી બીચ | b. નવસારી |
| 3. દાંડી બીચ | c. કચ્છ |
| 4. ડુમસ બીચ | d. વલસાડ |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a (B) 1 - c, 2 - b, 3 - a, 4 - d

(C) 1 - b, 2 - a, 3 - d, 4 - c (D) 1 - a, 2 - d, 3 - c, 4 - b

024. "અમ એ જ જીવિત, એ જ મૃત્યુ, એ જ અશ્રુ ને અમી જે પોષતુ તે મારતુ, શુ એ નથી ક્રમ કુદરતી?"– આ મહાન કાવ્ય પંક્તિના લેખક કોણ છે ?

(A) નરસિંહ મહેતા (B) કવિ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ

(C) ન્હાનાલાલ (D) સ્નેહરશ્મિ – ઝીણાભાઈ રતનજી દેસાઈ

025. લેખકો અને તેઓના ઉપનામ અંગેની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય છે ?

1. શ્રી ક.મા. મુનશી – ઘનશ્યામ

2. શ્રી લાભશંકર ઠાકર – પુર્નવસુ

3. શ્રી પુનરાજ પૂનમભાઈ જોષી – સારસ્વત

4. શ્રી જ્યોતીન્દ્ર દવે – અવળવણિયા

(A) 1, 2 અને 3 યોગ્ય છે. (B) 2, 3 અને 4 યોગ્ય છે.

(C) 1, 2, 3 અને 4 યોગ્ય છે. (D) 1, 2 અને 4 યોગ્ય છે.

026. ગુજરાતી લેખક અને તેઓનું યોગદાન અંગેની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

1. દલપતરામ – લક્ષ્મી, મિથ્યાભિમાન

2. ધૂમકેતુ, ગૌરીશંકર જોષી – ત્રિભેટો તણખા મંડળ, મંગલદીપ

3. ઝીણાભાઈ રતનજી દેસાઈ – કેવળવીજ, આસોપાલવ

4. ધીરૂબહેન પટેલ – શરણાઈના સુર, રંગદા

(A) 3 (B) 4

(C) 1 (D) 2

027. સંગમ સમય દરમ્યાન (The sangam age) વેલ્લાલર (Vellalar) તરીકે કોણ ઓળખાતા હતા ?

(A) સામાન્ય હળપતી (ordinary phooghman) (B) મજૂર (landless labourer)

(C) ગુલામ (slaves) (D) મોટા જમીનદાર

028. બ્લેક હોલ ટ્રેજેડી (Black Hole Tragedy) કયા યુદ્ધ સાથે સંકળાયેલ છે ?

(A) બકસરનું યુદ્ધ (The battle of Buxar) (B) એંગ્લો મરાઠાઓના યુદ્ધો (The Anglo Maratha wars)

(C) પ્લાસીનું યુદ્ધ (The battle of Plassey) (D) કર્ણાટકના યુદ્ધો (The Karnataka wars)

029. નીચેની બાબતો કયા મહાનુભાવને લાગુ પડે છે.

1. તેઓ ''ઈન્ડિયન હોમ રૂલ લીગ ઑફ અમેરીકા''ના સ્થાપક હતા.

2. ''અ-સહકાર આંદોલન''ની જાહેરાત થઈ ત્યારે ઈન્ડીયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ હતા.

3. તેઓએ લાહોરમાં ''દયાનંદ એંગ્લો - વૈદીક શાળા''ની સ્થાપના કરેલ હતી.

(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) બાગંગાધર ટીળક

(C) ચંદ્રશેખર આઝાદ (D) લાલા લજપતરાય

030. 1857ના વિપ્લવ બાદ, નીચેના પૈકી કયા પરિણામો આવ્યા ?

1. બ્રિટીશ રાજગાદીએ, ભારતમાં સીધી જવાબદારી હસ્તગત કરી.

2. દેશમાં બેવડી સરકારની શરૂઆત થઈ.

(A) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે. (B) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.

(C) માત્ર વાક્ય 1 યોગ્ય છે. (D) માત્ર વાક્ય 2 યોગ્ય છે.

031. કવિ જગન્નાથને ''પંડિતરાજ''નુ બિરૂદ કોણે આપેલ હતુ ?

(A) અકબર (B) શાહજહાં

(C) જહાંગીર (D) ઔરંગઝેબ

032. ભારતના ક્રાન્તિવીરો અને તેઓના જન્મસ્થાનના રાજ્યોને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| 1. ચંદ્રશેખર આઝાદ | a. મહારાષ્ટ્ર |
| 2. રામપ્રસાદ બિસ્મિલ | b. બંગાળ |
| 3. ખુદીરામ બોઝ | c. ઉત્તર પ્રદેશ |
| 4. વિનાયક સાવરકર | d. મધ્ય પ્રદેશ |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(B) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(C) 1 - b, 2 - a, 3 - d, 4 - c
(D) 1 - a, 2 - d, 3 - c, 4 - b

033. દેશના બનાવો અને સમયગાળાની જોડીઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય છે ?

1. ચૌરા ચોરીનો બનાવ - 1920
2. જલિયાવાલા બાગનો હત્યાકાંડ - 1919
3. ખેડા સત્યાગ્રહ - 1917-1918
4. ચંપારણ સત્યાગ્રહ - 1917

(A) 1, 2, 3 અને 4 યોગ્ય છે.
(B) 2, 3 અને 4 યોગ્ય છે.
(C) 1, 3 અને 4 યોગ્ય છે.
(D) 1, 2 અને 4 યોગ્ય છે.

034. ભારતમાં થયેલ યુદ્ધો અંગે કયુ વાક્ય યોગ્ય નથી ?

(A) વંડીવાશનું યુદ્ધ (Wandiwash battle) ફ્રેન્ચ અને બ્રીટીશ વચ્ચે 1760માં થયેલ.
(B) મૈસુર યુદ્ધોમાં કુલ 4 યુદ્ધો થયેલ હતા બ્રીટીશરો અને મૈસુરના રાજ્યકર્તા વચ્ચે થયેલ હતા.
(C) પ્રથમ પાણીપતનું યુદ્ધ 1526માં મોગલ રાજાઓ અને દિલ્હી રાજ્ય વચ્ચે થયેલ હતું.
(D) વિઝાગ પટ્ટમ (Vizaga patam battle) નું યુદ્ધ 1824માં બ્રિટિશ કંપની અને મરાઠાઓ વચ્ચે થયેલ.

035. ગુજરાતના પ્રાચિન ઈતિહાસ માટેનો મહત્વનો આધારભૂત ગ્રંથ પ્રબંધ ચીન્તામણી (Prabandha chintamani) કોણે રચેલ છે ?

(A) હેમચંદ્રાચાર્ય
(B) મહેન્દ્ર પ્રભસૂરિ
(C) મેરૂ તુંગસૂરિ
(D) જિન પદ્મ

036. ''કવ્વાલી'' ગાયન પદ્ધતીનો વિકાસમાં કોનો અગત્યનો ફાળો રહેલ છે ?

(A) શર્કી સુલતાના
(B) જહાંગીર
(C) અમીર ખુસરો
(D) સુલતાન બહાદુર

037. સરદાર વલ્લભભાઈ પટેલ માટેના કયા વિધાનો યોગ્ય છે ?

1. તેઓએ વકીલાત ગોધરામાં શરૂ કરેલ હતી.
2. તેઓએ અમદાવાદના મેયર તરીકે સેવાઓ આપેલ હતી.
3. નાગપુર ખાતે ઝુંડા સત્યાગ્રહમાં તેઓનું મહત્વનુ યોગદાન હતું.

(A) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.
(B) 1, 2 અને 3 બધાજ વાક્યો યોગ્ય નથી.
(C) માત્ર 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(D) માત્ર 2 અને 3 વાક્યો યોગ્ય છે.

038. સ્વતંત્રતા બાદ દેશમાં રાજ્યોના ગઠન માટે ''રાજ્ય પુનર્ગઠન આયોગ'' રચવામાં આવેલ હતું. તેનો અધ્યક્ષશ્રી કોણ હતા ?

(A) ન્યાયમૂર્તિ ફઝલઅલી
(B) સરદાર પટેલ
(C) બાબસાહેબ આંબેડકર
(D) કનૈયાલાલ મુનશી

039. નેશનલ ક્રેડીટ ગેરેંટી ટ્રસ્ટી કંપની (National Credit Guarantee Trustee Company - NCGTC) સબંધે નીચેના વાક્યો પૈકી કયું વાક્ય યોગ્ય નથી ?

(A) ડીપાર્ટમેન્ટ ઑફ ફાઈનાન્સીયલ સર્વીસીસ (Dept. of Financial Services) નાણા મંત્રાલય દ્વારા આની સ્થાપના કરેલ છે.

(B) આ કંપનીની સ્થાપના 2014ના વર્ષમાં કરવામાં આવેલી છે.

(C) મલ્ટીપલ ક્રેડીટ ગેરેંટી ફંડ (multiple credit guarantee fund) ના ટ્રસ્ટી તરીકે કામ કરે છે.

(D) આ કંપની ઈનક્લુઝીવ ગ્રોથ કાર્યક્રમ (Inclusive Growth Programme) માં નાણાકીય મદદ આપે છે.

040. નીચેના પૈકી ક્યા વાક્ય / વાક્યો યોગ્ય છે ?

1. ભારત સરકાર સાથે સલાહ મશવરો કરીને રીઝર્વ બેંક ફુગાવાના લક્ષ્ય (inflation target) દર પાંચ વર્ષે 1 વખત નક્કી કરે છે.

2. રીઝર્વ બેંક, મોનેટરી પોલીસી કમીટી (monetory policy committee-mpc) વર્ષમાં 6 (Six) બેઠકો બોલવવા બંધાયેલ છે.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 (D) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.

041. સુમેળભર્યુ કોમોડિટી વર્ણન (Hormonised Commodity Description) અંગે નીચેના વાક્યો પૈકી કયું વાક્ય / વાક્યો યોગ્ય નથી ?

1. આ પધ્ધતી WTO (World Trade Organisation) દ્વારા વીકસાવેલ છે

2. આ પધ્ધતીના કડક અમલીકરણ માટે WTO ખુબજ આગ્રહી છે.

3. સીમાશુલ્ક (custom) નક્કી કરવા આ બાબત ખુબજ ઉપયોગી છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2 અને 3 (D) 1, 2, 3 બધાજ વાક્યો યોગ્ય નથી.

042. '' ગ્લોબલ જેન્ડર ગેપ રીપોર્ટ'' કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવે છે.

(A) વર્લ્ડ ઈકોનોમીક ફોરમ (World Economic Forum)

(B) યુનો વુમન (U. N. Woman)

(C) યુનાઈટેડ નેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP)

(D) વર્લ્ડ બેંન્ક (World bank)

043. ''સંકલ્પ થી સિદ્ધ'' યોજના કે જેમા ગામડાને ડિજિટલ કનેક્ટિવિટીથી જોડવાનું છે, તે કઇ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલ છે ?

(A) નાબાર્ડ નેશનલ બેંક ફોર એગ્રીકલચર અને રૂરલ ડેવલપમેન્ટ

(B) રીજીયોનલ રૂરલ બેંક (RRB)

(C) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ અને પંચાયતી રાજ

(D) ટ્રાયબલ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન ઓફ ઇન્ડીયા. (TRIFED)

044. નીચેના પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

1. ભારતીય રીઝર્વ બેન્ક દ્વારા કેન્દ્ર સરકારની સિક્યુરીટીનું ખરીદ વેચાણ, સંચાલન કરે છે

2. RBI રાજ્ય સરકારની સિક્યુરીટીનું ખરીદ વેચાણ પણ કરે છે.

3. ટ્રેઝરી બીલ્સ (Treasury Bills) માત્ર કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવે છે.

4. ટ્રેઝરી બીલ્સ વટાવથી વેચવામાં આવે છે. ઉપરોક્ત પૈકી ક્યા વાક્યો યોગ્ય છે.

(A) 1, 2 અને 3 (B) 1, 3 અને 4

(C) 3 અને 4 (D) 1, 2, 3 અને 4

045. ''બેરોજગારીની જાળ'' "Unemployment Trap" એટલે...

(A) મજબુત આર્થિક વૃદ્ધિ છતા રોજગારીમાં વધારો થતો નથી

(B) એવી પરિસ્થિતી જ્યાં બેરોજગાર લોકો શ્રમ કરવા તૈયાર નથી

(C) મોટા ભાગના કામદારો ઓછુ વેતન આપતા અસંગઠિત ક્ષેત્રમાં કાર્યવત હોય

(D) નોકરીની સંખ્યા, નોકરી બજારમાં પ્રવેશતા લોકો કરતા ઓછી હોય.

046. નીચેના પૈકી કઈ પંચવર્ષીય યોજનામાં સમવર્તી વૃધ્ધિ ''Inclusive Growth'' ને પ્રાધાન્ય આપવામાં આવેલ હતું ?

(A) 11મી પંચવર્ષીય યોજના
(B) 10મી પંચવર્ષીય યોજના
(C) 9મી પંચવર્ષીય યોજના
(D) 8મી પંચવર્ષીય યોજના

047. સરકારી અંદાજપત્ર મહેસુલી ખાદ્ય ભરપાઈ કરવા માટે નીચેના પૈકી કોની મદદ લેવાય છે ?

1. ઉધાર- ઋણ મેળવવું (Borrowings)

2. વિનિવેશ (Disnvestment)

3. પરોક્ષ કરવેરા (Indirect Taxes)

4. કર આવક (Tax Revenue)

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 3 અને 4
(D) 1, 2, 3 અને 4

048. ચલણનું અવમુલ્યન (Currency Devaluation) એટલે..........

(A) વિદેશી વિનિમય બજારમાં ચલણના મુલ્યમાં ઘટાડો

(B) ઊંચો ફૂગાવો

(C) નિકાસની સ્પર્ધાત્મકતા વધારો અને આયાતની કિંમતમાં વધારો

(D) ઉપરોક્ત 1, 2, 3 બધીજ બાબતો.

049. ''ભારતમાં ગમે તે વ્યવસાય કરવાનો ગમે તે કામકાજ, વેપાર અથવા ધંધો કરવાનો હક્ક રહેશે'' આ જોગવાઈ ભારતના બંધારણની કઈ કલમમાં દર્શાવેલ છે.

(A) કલમ - 14
(B) કલમ - 17
(C) કલમ - 19
(D) કલમ - 21

050. કેન્દ્રીય સતર્કતા આયોગ / કેન્દ્રીય તકેદારી આયોગ (Central Vigilance Commission) બાબતે ક્યા વાક્યો યોગ્ય નથી ?

(A) તે એક સલાહકાર સંસ્થા છે.

(B) તે ફોજદારી ફરીયાદ દાખલ કરી શકે છે.

(C) તે સી.બી.આઈ. ઉપર નિરીક્ષણની સત્તા ધરાવે છે.

(D) સંસ્થામાં અધ્યક્ષ ઉપરાંત બે વિજિલન્સ કમીશ્નર હોય છે.

051. નેશનલ માયગ્રંટ લેબર પોલીસી (National Migrant Labour Policy) કોના દ્વારા જાહેર કરવાં આવેલ છે?

(A) ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર પોપ્યુલેશન સાયન્સ (IIPS)

(B) ઈન્ડીયન સેન્ટર ફોર માયગ્રેશન (Indian Centre for Migration)

(C) નીતિ આયોગ

(D) શ્રમ અને રોજગાર મંત્રાલય

052. નીચેના પૈકી ક્યું વાક્ય યોગ્ય નથી ?

1. નામ. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની નિમણુંક કોલેજીયમ (Collegium) કરે છે.

2. માન. રાષ્ટ્રપતિની મંજુરી બાદ કાયદા નિષ્ણાંતની નિમણુંક ન્યાયાધીશ તરીકે કરી શકાય છે.

3. માન. ન્યાયાધીશ થવા માટે મહત્તમ વય મર્યાદા 65 વર્ષની છે.

(A) 1
(B) 2
(C) 3
(D) 1, 2 અને 3

053. ''પુરૂષ અને સ્ત્રીઓ, બંનેને સરખા કામ માટે સરખો પગાર મળે '' આ બાબતની નીતિ રાજ્ય અખત્યાર કરશે. આ બાબત શામાં દર્શાવેલ છે ?

(A) મૂળભૂત હક્કો.
(B) રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
(C) આમુખ
(D) ઉપરોક્ત બધીજ બાબતોમાં

054. નીચેના પૈકી કયા વાક્યો યોગ્ય છે?

1. આર્ટીકલ 243 - કે (243 - K) હેઠળ પંચાયતની તમામ ચૂંટણી કાર્યવાહી કરવાની જવાબદારી રાજ્ય ચૂટણી કમિશનમા નિહિત થાય છે.

2. રાજ્ય ચૂંટણી કમિશનરની નિમણુંક માન. રાજ્યપાલશ્રી કરે છે.

3. રાજ્ય ચૂંટણી કમિશનર ઉપરાંત કમિશનમાં બે સભ્યો હોય છે.

(A) 1, 2, 3 બધાજ વાક્યો યોગ્ય છે.
(B) 1 અને 3 વાક્યો યોગ્ય છે.
(C) 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(D) 2 અને 3 વાક્યો યોગ્ય છે.

055. નીચેના વાક્યો ચકાસો :

1. લોકપાલ એક્ટ 2013 હેઠળ કેન્દ્ર કક્ષાએ લોકપાલ અને રાજ્ય કક્ષાએ લોકાયુક્ત હોય છે.

2. લોકપાલમાં અધ્યક્ષ ઉપરાંત મહત્તમ આઠ સભ્યો હોય છે

3. વડાપ્રધાન સહીત બધાજ જાહેર સેવકોની સામેની ફરીયાદની તપાસ, લોકપાલ કરી શકે છે.

4. લોકપાલ માત્ર પોતાની રીતે તપાસ કરી શકે છે અને અન્ય તપાસ એજન્સી પાસેથી અહેવાલ મંગાવી શકતી નથી.

(A) 1, 2 અને 4 યોગ્ય છે.
(B) 1, 3 અને 4 યોગ્ય છે.
(C) 1, 2 અને 3 યોગ્ય છે.
(D) 2, 3 અને 4 યોગ્ય છે.

056. અમાઈકસ ક્યુરીઈ ''Amaicus Curiae''

1. એ નામદાર કોર્ટને મદદરૂપ થવા, કોર્ટ મિત્ર તરીકે કામગીરી કરે છે.

2. અનુભવી અને તટસ્થ વકીલને કોર્ટ મિત્ર તરીકે નીમણુંક આપવામાં આવે છે.

3. ખાસ વિષય માટે નિષ્ણાંત સલાહકાર તરીકે અથવા દાવામાં કોઈ પક્ષ, રજુઆત કરી શકે તેમ ન હોય ત્યારે કોર્ટ મિત્રની નીમણુંક કરવામાં આવે છે.

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2 અને 3 યોગ્ય છે.
(C) 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 બધાજ યોગ્ય છે.

057. નીચેના વાક્યો ચકાસો :

1. જાહેર હિતની અરજી (Public Interest Litigation - PIL) એ ભારતના બંધારણની કલમ 226 હેઠળ નામ. હાઈકોર્ટ અથવા કલમ 32 હેઠળ નામ. સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરી શકાય છે.

2. આ અરજી માત્ર ''રાજ્ય'' ની સામે દાખલ કરી શકાય છે.

3. ખાનગી વ્યક્તિની સામે અરજી દાખલ કરતાં પહેલા તેને નોટીસ આપવી જરૂરી છે અને અદાલતની પુર્વ પરવાનગી ફરજીયાત છે.

(A) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.
(B) 1, અને 3 વાક્યો યોગ્ય છે.
(C) 1, અને 2 વાક્યો યોગ્ય છે.
(D) 2 અને 3 વાક્યો યોગ્ય છે.

058. નીચેના વાક્યો ચકાસો :

1. ભારતના બંધારણની કલમ 365, રાજ્યોનું સૌવિધાનિક તંત્ર નિષ્ફળ જાય તો તે સંજોગોમાં રાષ્ટ્રપતિ ઉદઘોષણા કરીને રાજ્ય સરકારના તમામ કાર્ય કરવાની સત્તા રાજ્યપાલ અથવા પોતાનામાં નિહિત કરી શકાશે.

2. આ ઉદઘોષણા સંસદના બંન્ને ગૃહો સમક્ષ મુકવાની રહે છે, જો ઉદઘોષણાની મુદત વધારવામાં ન આવે તો, તેની મુદત 12 માસની રહે છે.

(A) પ્રથમ વાક્ય યોગ્ય છે.
(B) બીજુ વાક્ય યોગ્ય છે.
(C) પ્રથમ અને બીજુ બંને વાક્યો યોગ્ય છે.
(D) પ્રથમ અને બીજુ બંને વાક્યો યોગ્ય નથી.

059. નીચેના પૈકી કયું વાક્ય યોગ્ય નથી ?

1. માહિતિનો અધિકાર અધિનિયમ 2005 થી કાર્યવત છે.

2. કાયદાની કલમ '4 ' માં જાહેર સત્તા મંડળોની જવાબદારીઓ દર્શાવેલ છે.

3. કલમ 8 માં માહિતી જાહેર કરવામાંથી મુક્તિ અંગેની જોગવાઈઓ કરેલ છે.

4. ''કેન્દ્રીય માહિતી પંચની રચના'' અંગેની જોગવાઈ એ કલમ - 15 માં દર્શાવેલ છે ઉપરોક્ત પૈકી ક્યા વાક્યો યોગ્ય નથી

(A) 4
(B) 3
(C) 2
(D) 1

060. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના સંવિધાનમાં શિક્ષણના હક્ક અંગેની જોગવાઈ કલમ 21 - A અંર્તગત કરવામાં આવેલી છે.

2. આ જોગવાઈ હેઠળ 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપવાની જોગવાઈ છે.

3. આ જોગવાઈના અમલ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે ખર્ચ ભોગવવાનું રહે છે.

(A) 1 અને 2 વાક્યો યોગ્ય છે.
(B) 2 અને 3 વાક્યો યોગ્ય છે.
(C) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 3 વાક્યો યોગ્ય છે.

061. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના બંધારણની કલમ 280 મુજબ માન. રાષ્ટ્રપતિ નાણા આયોગની રચના કરે છે.

2. આયોગમાં અધ્યક્ષ ઉપરાંત મહત્તમ ચાર (4) સભ્યો હોઈ શકે છે.

3. શ્રી એન. કે સીંઘ 14માં નાણા આયોગના અધ્યક્ષ હતાં. અત્યાર સુધી 14 આયોગની રચના થયેલ છે.

4. આયોગની ભલામણોને કારણે કર્ણાટક, કેરળ જેવા રાજ્યોની આવક ઘટશે જ્યારે મહારાષ્ટ, રાજસ્થાન, બિહારની આવક વધશે.

(A) 1, 2, 3 અને 4 યોગ્ય છે.
(B) 1, 2, અને 3 યોગ્ય છે.
(C) 1, 3 અને 4 યોગ્ય છે.
(D) 1, 2 અને 4 યોગ્ય છે.

062. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના સંવિધાનમાં ભાગ - 9માં પંચાયતો અંગે જોગવાઈ કરેલ છે.

2. સંવિધાનમાં 73માં સુધારાને કારણે પંચાયતને ખાસ સત્તાઓ મળેલ છે.

3. પંચાયતની સત્તાઓ અને ફરજો બંધારણની કલમ 243-જ (243-G)માં દર્શાવેલ છે.

4. પંચાયતોની સંરચના, કલમ 243 - ગ (243 - C) જોગવાઈ ને ધ્યાને લઈને કરવામાં આવે છે.

(A) 1, 2 અને 3 યોગ્ય છે.
(B) 1, 2 અને 4 યોગ્ય છે.
(C) 2, 3 અને 4 યોગ્ય છે.
(D) 1, 2, 3 અને 4 યોગ્ય છે.

063. 8, 12, 16 અને 20 વડે ભાગી શકાય અને પાંચ (5) શેષ (Remainder) રહે તેવી સૌથી નાની સંખ્યા કઈ છે ?

(A) 240
(B) 245
(C) 265
(D) 235

064. ત્રણ વ્યક્તિઓની સરેરાશ ઉમર 45 વર્ષ છે. જો તેઓની ઉમર 3:5:7 ના પ્રમાણમાં હોય તો સૌથી જુવાન વ્યક્તિની ઉમર કેટલી હશે ?

(A) 63 વર્ષ
(B) 45 વર્ષ
(C) 27 વર્ષ
(D) 15 વર્ષ

065. 20, 25, 30 .......... 140 સુધીમાં કુલ કેટલી સંખ્યાઓ હશે ?

(A) 22
(B) 23
(C) 24
(D) 25

066. દુકાનદાર રૂા. 2850 માં સાયકલ વેચે છે તો તેને 14% નફો થાય છે. જો તેને 8% નફો મળે તો તેણે સાયકલ કેટલામા વેચી હશે ?

(A) રૂા. 3000
(B) રૂા. 2800
(C) રૂા. 2700
(D) રૂા. 2600

067. A અને B મળીને એક કામ 18 દિવસમાં, A અને C 12 દિવસમાં અને B અને C મળીને 9 દિવસમાં કામ પૂર્ણ કરે છે. આ કામ B એકલો કેટલા દિવસમાં પૂર્ણ કરશે.

(A) 48 દિવસ
(B) 36 દિવસ
(C) 24 દિવસ
(D) 18 દિવસ

068. એક ઝુ (ZOO)માં હરણ અને બતકો છે કુલ માથાઓની સંખ્યા. 180 અને પગની સંખ્યા 448 થાય છે. આ સંજોગોમાં ઝુ (ZOO)માં કેટલા હરણ હશે ?

(A) 136
(B) 68
(C) 44
(D) 32

069. કમલ રૂા. 90,000 ની મુડી રોકીને ધંધો શરૂ કરે છે, પાંચ માસ બાદ મહેશ રૂા. 80,000 રોકીને ધંધામાં જોડાય છે. વર્ષનાં અંતમાં રૂા. 69700 નફો થાય છે અને નફો મુડીના રોકાણના પ્રમાણમાં વહેચવાનો છે. આ સંજોગોમાં મહેશને કેટલા રૂા. નફો મળશે ?

(A) રૂા. 23,800
(B) રૂા. 23,000
(C) રૂા. 22,800
(D) રૂા. 22,600

070. નીચેના પૈકી કઇ સંખ્યા યોગ્ય નથી ?

41, 43, 47, 53, 61, 71, 73, 81

(A) 61
(B) 71
(C) 73
(D) 81

071. એક સંખ્યાના એક ત્રિતીયાંશ (1/3) ના એક ચતુર્થાંશ (1/4) બરાબર 15 થાય છે. આ સંખ્યાના ત્રણ દશાંશ (3/10) કેટલા થશે ?

(A) 36
(B) 54
(C)72
(D) 600

072. એક ડબ્બામાં 1 રૂા. અને પચાસ પૈસા (50 Paisa) ના સીક્કા છે. કુલ સીક્કા 280 છે અને 1 રૂા. અને પચ્ચાસ પૈસાના સીક્કાઓનો મુલ્ય ગુણોત્તર (Respective value) 13:11 છે આ સંજોગોમાં 1 રૂા. ના કેટલા સીક્કા હશે ?

(A) 65
(B) 66
(C) 78
(D) 91

073. નીચેના પૈકી કઇ સંખ્યા યોગ્ય નથી ?

(A) 626
(B) 841
(C) 962
(D) 1090

074. 6, 11, 21, 36, 56, .......... ખાલી જગ્યા પુરો

(A) 91
(B) 81
(C) 42
(D) 34

075. નીચેના શબ્દોને અર્થપૂર્ણ ક્રમ (Meaningful Sequence) માં ગોઠવો.

1. ચાવી - Key    2. દરવાજો - Door    3. તાળુ - Lock    4. રૂમ - Room

(A) 3, 2, 4, 1
(B) 1, 3, 2, 4
(C) 4, 3, 2, 1
(D) 2, 4, 3, 1

076. ...?...ની જગ્યાએ શું આવશે ?

| | | |
|---|---|---|
| A | D | G |
| D | I | N |
| I | P | ? |

(A) V
(B) X
(C) W
(D) Y

077. ...?...ની જગ્યાએ શું આવશે ?

| | | |
|---|---|---|
| 56 | 65 | 78 |
| 12 | ? | 30 |
| 44 | 14 | 48 |

(A) 51
(B) 16
(C) 62
(D) 44

078. એક લાઈનમાં રમણ પહેલેથી "7 મો" અને આખરેથી "14"મો છે. આ સંજોગોમાં લાઈનમાં કેટલા બાળકો હશે ?

(A) 18
(B) 19
(C) 20
(D) 21

079. "અજાણ્યા ડ્રોનને એરીયલ લેસર વેપનથી તોડી પાડવાની પ્રક્રિયા" સૌથી પ્રથમ ક્યા દેશ દ્વારા શરૂ કરેલ છે ?

(A) ઈઝરાયેલ (Israel)
(B) ચીન (China)
(C) રશીયા (Russia)
(D) અમેરીકા (U.S.A)

080. મધુ ક્રાંતી પોર્ટલ (Madhu Kranti Portal) કોના દ્વારા શરૂ કરવામાં આવેલ છે ?

(A) નીતિ આયોગ (Niti Aayog)
(B) સેન્ટ્રલ સીલ્ક બોર્ડ (Central Silk Board)
(C) ખાદી અને વીલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (Khadi & Vilage Industries Commission)
(D) નેશનલ મધમાખી બોર્ડ (National Bee Board)

081. પુજા રાની બોહરા (Pooja Rani Bohra) કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ટેબલ ટેનીસ
(B) મુષ્ટિયુધ્ધ
(C) બેડમીન્ટન
(D) હોકી

082. એશીયામાં સૌથી લાંબા હાઈ સ્પીડ ટ્રેક (high speed track)નું ઉદ્‌ઘાટન હાલમાં કયા શહેરમાં થયેલ છે ?

(A) આગરા
(B) પુણે
(C) હૈદરાબાદ
(D) ઈન્દોર

083. ગ્લોબલ સાયબર સીક્યોરીટી ઈન્ડેકસ - 2020 (Global Cyber Security Index - 2020)ના અહેવાલમાં ભારત કયા સ્થળે છે ?

(A) 37
(B) 10
(C) 52
(D) 20

084. ડીલીમીટેશન કમિશન (Delimitation Commission) નીચેના પૈકી ક્યા રાજ્ય/કેન્દ્રશાસીત પ્રદેશની મુલાકાત લેનાર છે ?

(A) અરૂણાચલ પ્રદેશ
(B) સિક્કિમ
(C) જમ્મુ અને કાશ્મિર
(D) કેરલ

085. સુધારેલ ભારત નેટ અમલીકરણ સ્ટ્રેટેજી (Revised Implemention Strategy of Bharat Net)ને કારણે PPP મોડેલથી કેટલા રાજ્યોને લાભ થનાર છે ?

(A) 15
(B) 16
(C) 17
(D) 18

086. નીચેના પૈકી કઈ સંસ્થાએ સ્ટડી ઓન નોટ ફોર પ્રોફીટ હોસ્પીટલ મોડલ ઈન ઈન્ડીયા (Study on the not for profit hospital model in India) અહેવાલ બહાર પાડેલ છે ?

(A) નીતિ આયોગ (Niti Aayog)
(B) એઈમ્સ (AIIMS)
(C) આઈ.સી.એમ.આર (ICMR)
(D) આઈ.એમ.એ (IMA)

087. હાલમાં જેઓને જુલાઈ 2022 સુધી પુનઃનિમણુક આપવામાં આવેલ છે તે એટર્ની જનરલ (Attorney General) કોણ છે ?

(A) શ્રી પ્રશાંત ભુષણ
(B) શ્રી કે. કે. વેણુગોપાલ
(C) શ્રી મુકુલ રોસ્તગી
(D) શ્રી શરદ અરવીંદ મહાજન

088. દર વર્ષે ''નેશનલ ડોક્ટર ડે'' ક્યારે ઉજવાય છે ?

(A) 30 જુન
(B) 1 જુલાઈ
(C) 2 જુલાઈ
(D) 3 જુલાઈ

089. નીચેના પૈકી ક્યો ગેસ ''ગ્રીન હાઉસ ગેસ'' નથી.

(A) મીથેન (Mithane)
(B) નાયટ્રસ ઓકસાઈડ (Nirtrous Oxide)
(C) કાર્બન ઑક્સાઈડ (Carbon oxide)
(D) હાઈડ્રોડન અને નાઈટ્રોજન (Hydrogen & Nitrogen)

090. ન્યુટ્રિનો (Neutrinos) સબંધીત નીચેના પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

1. ફોટોન (Photons) પછી બીજા ક્રમે તેની ઉપલબ્ધી છે.
2. તેઓ કોઈ ચાર્જ (charge) નુ વહન કરતા નથી.
3. તે કોઈ બાબત સાથે ક્રિયાપ્રતિક્રિયા (interact) કરતા નથી.

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 1 અને 3
(D) 1, 2 અને 3

091. ભારત મોસમ વિભાગ (Indian Meteorological Dept. – IMD) દ્વારા હીટ વેવ (Heat wave) ક્યારે માનવામાં આવે છે ?

(A) સપાટ મેદાનમાં ગરમી 40° C અથવા વધારે હોય ત્યારે
(B) દરીયા કિનારે ગરમી 37° C અથવા વધારે હોય ત્યારે
(C) પર્વતીય વિસ્તારોમાં 30° C અથવા વધારે હોય ત્યારે
(D) ઉપરોક્ત બધીજ બાબતો મુજબ ગરમી હોય ત્યારે

092. "ELSA-D" હાલમાં છાપામાં આવેલ છે. તે શું છે ?

(A) ભારતનું સેટેલાઈટ નેવીગેશન સીસ્ટમ

(B) નેશનલ હાઈવેનું સલામતી ચકાસવાનું સાધન

(C) થર્મોન્યુક્લીયર શસ્ત્ર પદ્ધતી (Thermonuclear weapon system)

(D) સ્પેસ ડેબ્રિસ રીમુવલ સીસ્ટમ (Space debris removal system)

093. નેનો સ્નીફર (Nano sniffer) બાબતે નીચેના પૈકી કઈ બાબતો યોગ્ય છે ?

1. આ માઈક્રોસેન્સર આધારિત વિસ્ફોટક ટ્રેસ ડિટેક્ટર (Explosive trace detector) છે.

2. વિસ્ફોટક સામગ્રી 10 સેકંડ કરતા ઓછા સમયમાં શોધી શકે છે.

3. ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવપલમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા આને વિકસાવવામાં આવેલ છે.

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 1 અને 3 (D) 1, 2 અને 3

094. ફટકડા ફોડતી વખતે લીલા રંગની જ્યોત (the green flame) કયા પદાર્થને કારણે થાય છે ?

(A) સોડીયમ (Sodium) (B) બેરીયમ (Barium)

(C) મરક્યુરી (Mercury) (D) પોટાશીયમ (Potassium)

095. માર્શ ગેસ (Marsh Gas) એ…

(A) નાઈટ્રોજન (Nitrogen) (B) ઈથેન (Ethane)

(C) મીથેન (Methane) (D) હાઈડ્રોજન (Hydrogen)

096. ક્લોરોફ્લોરોકાર્બન્સ (Chlorofluorocarbon – FC) ના ઉત્પાદન માટે ભારતમાં બંદી (banned) મુકવામાં આવેલી છે, તે નીચેના પૈકી કઈ વસ્તુમાં વપરાય છે ?

(A) ટેલીવીઝન (Television) (B) રેફ્રિજરેટર (Refrigerator)

(C) ટ્યુબ લાઈટ (Tube light) (D) રાંધણ ગેસ (Cooking Gas)

097. ફેથોમ (Fathom) એ .......... માપવાનું માધ્યમ છે અને એક (1) ફેથોમ (Fathom) એટલે .......... મીટર થાય છે.

(A) આવાજ (Sound), 2.83 મીટર (B) ઊંડાઈ (Depth), 1.83 મીટર

(C) આર્વતન (Frequency), 1.30 મીટર (D) અંતર (Distance), 2.87 મીટર

098. એક (1) કિલોમીટર બરાબર કેટલા માઈલ (Mile) થાય ?

(A) 0.84 (B) 0.53

(C) 1.60 (D) 0.62

099. ઈન્ટરનેટ (Internet) અને ઈન્ટ્રાનેટ (Intranet) વચ્ચે શું ફેર છે ?

(A) ઈન્ટરનેટ જાહેર લોકો માટે છે, ઈન્ટ્રાનેટ ચોક્કસ વિસ્તારના ચોક્કસ લોકો માટે છે.

(B) ઈન્ટરનેટ, ઈન્ટ્રાનેટ કરતા વધારે સલામત છે.

(C) માત્ર ઈન્ટરનેટ ઉપર અંકુશ શક્ય છે.

(D) ઉપરોક્ત પૈકી એક પણ લાગું પડતું નથી.

100. રેઝિસ્ટર રંગ કોડ (resistor color code) પ્રમાણે ભુરા રંગ (Blue)ને કેટલા અંક (Number) આપે છે ?

(A) 1 (B) 2

(C) 4 (D) 6

101. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 નીચેનામાંથી કોને લાગુ પડે છે ?

(A) ન્યાયાયિક સેવામાં તાબાની સેવાના હોદ્દાઓ ધરાવતા સભ્યોને

(B) સંવિધાનના અનુચ્છેદ 309 હેઠળ કરેલા નિયમો અનુસાર ભરવામાં આવતી હોય તેવી સેવા અને જગાનો

(C) પંચાયતના કર્મચારીઓને

(D) પોલીસ દળના તાબાની સેવાના હોદ્દાઓ ધરાવતા સભ્યોને

102. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967ના નિયમોમાં વાપરવામાં આવ્યા હોય પણ વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત રાજ્ય હેઠળની સેવા અને જગાને લાગુ પડતા હોય તેટલે સુધી .......... માં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

(A) મુંબઈ મુલકી સેવા નિયમો, 1959

(B) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002

(C) ઉપરના (A) તથા (B) બંને

(D) ઉપરના (A) તથા (B) બંનેમાંથી એકેય નહીં

103. નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે ?

(A) વર્ગ - 3 તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા – તાબાની સેવા તરીકે ઓળખાશે.

(B) વર્ગ - 4 તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા – ઉતરતા દરજ્જાની સેવા તરીકે ઓળખાશે.

(C) વર્ગ - 2 તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા – મુલકી સેવા તરીકે ઓળખાશે.

(D) વર્ગ - 1 તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા – રાજ્ય સેવા તરીકે ઓળખાશે.

104. નીચેના વિધાનો ચકાસો.

1. અગાઉથી સેવામાં હોય તેવી વ્યક્તિને બઢતી આપીને અથવા તેની બદલી કરીને નિમણૂંક કરવામાં આવે તો તબીબી તપાસની જરૂર છે.

2. અગાઉથી સેવામાં હોય તેવી વ્યક્તિની બઢતી અથવા બદલી કર્યા વગર અન્યથા રીતે કોઈ સેવા અથવા જગા ઉપર નિમણૂંક કરવામાં આવે તો તેવી નિમણૂંક સારા ચારિત્ર્યનો પુરાવો રજૂ કરવાને આધીન રહેશે.

(A) બંને વિધાનો ખોટાં છે. (B) બંને વિધાનો સાચાં છે.

(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે. (D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

105. ભારતના નાગરિકત્વ સંબંધી જોગવાઈઓ અંતર્ગત ગુજરાત સરકારની કોઈપણ સેવા કે જગા ઉપર નીચે દર્શાવેલ કયા દેશની વ્યક્તિની રાજ્ય સરકારે તેને જરૂરી લાયકાતનું પ્રમાણપત્ર આપ્યું હોય તે પછી જ નિમણૂંકની દરખાસ્ત કરી શકાય છે ?

(A) પાકિસ્તાનનો નાગરિક

(B) બ્રહ્મદેશનો નાગરિક

(C) તિબેટનો નિર્વાસિત હોય, જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી તા. 1-1-1962 પહેલા ભારતમાં આવેલ હોય.

(D) ઉપર પૈકી એક પણ નહિં

106. કોઈપણ જગા ઉપર ભરતીના હેતુ માટેની અરજીઓ વર્તમાનપત્રમાં જાહેરાત આપીને મંગાવવામાં આવી હોય, અને આ જાહેરાતમાં વયમર્યાદા કઈ તારીખે ગણવી તેની જોગવાઈ ન હોય તેવા કિસ્સામાં જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી .......... દિવસની મુદત પૂરી થાય તે મહિનાની તરત પછીના મહિનાની પહેલી તારીખના સંદર્ભમાં વયમર્યાદા નક્કી કરવાની થાય છે.

(A) 90 (B) 30

(C) 60 (D) 45

107. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 માં રાજ્ય સેવામાંની સેવા અથવા જગા ઉપર કેટલા પ્રકારે નિમણૂંક કરવાની જોગવાઈ છે ?

(A) બે (B) ચાર

(C) ત્રણ (D) આવી કોઈ જોગવાઈ નથી

108. રાજ્ય સરકાર તાબાની સેવાઓ અથવા ઉતરતા દરજ્જાની સેવાઓમાં સેવા અથવા જગા પર કરાર આધારિત નિમણૂંક કરી શકે છે. ઉતરતા દરજ્જાની સેવામાં કરાયેલી કરાર આધારિત નિમણૂકોની નીચેનામાંથી કઈ જોગવાઈ લાગુ પડતી નથી?

1. કરાર આધારિત સેવાની મુદત દરમિયાન કોમ્પ્યુટરની જાણકારી માટેની સી.સી.સીની પરીક્ષા પાસ કરવી.

2. નિયત પૂર્વ સેવા તાલીમ લેવી અને તાલીમાન્ત પરીક્ષા પાસ કરવી.

3. સરકાર ઠરાવે તે મુજબ હિન્દી અથવા ગુજરાતી કે બંને પરીક્ષા પાસ કરવી.

(A) માત્ર 1 (B) 1 અને 2

(C) 1 અને 3 (D) 1, 2 અને 3

109. વર્ગ-4ની ઉતરતા દરજ્જાની સેવા સિવાયની સેવા અથવા જગા પર નિમણૂકના સમયે વ્યક્તિ કોઈપણ સંસ્થાનું કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી અંગેનું પ્રમાણપત્ર ધરાવતો ન હોય તો નીમી શકાશે નહીં તેવી જોગવાઈ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 માં કયા વર્ષમાં ઉમેરવામાં આવેલ છે ?

(A) 2008
(B) 2006
(C) 2005
(D) 2010

110. ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, 2002 હેઠળ ફરજ ઉપર હાજર થવા પંદર દિવસ સુધીના ફરજિયાત રોકાણના સમયને નિયમિત કરવાનો અધિકાર નીચેનામાંથી કોને છે ?

(A) કચેરીના વડાને
(B) ખાતાના વડાને
(C) વહીવટી વિભાગને
(D) સામાન્ય વહીવટ વિભાગને

111. નીચેના વિધાનો ચકાસો.

1. ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, 2002ના અર્થઘટનની બાબતે સામાન્ય વહીવટ વિભાગનો નિર્ણય આખરી રહેશે.
2. સરકારે કોઈ વ્યક્તિ સાથે તેની સેવા સંદર્ભે કર્યા હોય તેવા વિશિષ્ટ કરારની કાયદેસર ન્યાયક્ષમ શરતો અને બોલીઓને ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો, 2002ની જોગવાઈઓ લાગુ પડશે.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

112. નીચેના વિધાનો ચકાસો.

1. રાજ્ય સરકારના જે કર્મચારીઓનું મુખ્ય મથક ગુજરાત બહાર આવેલું હોય ત્યારે, કેન્દ્ર સરકારે પોતાના કર્મચારીઓ માટે જે સ્થાનિક વળતર ભથ્થું નિયત કરેલ હોય તે લાગુ પડશે.
2. સરકારી કર્મચારીને પોતાના મુખ્ય મથક સિવાયના સ્થળે રહેવાની સક્ષમ સત્તાધિકારીએ મંજૂરી આપી હોય તો તેમને રહેઠાણના સ્થળે અથવા મુખ્ય મથકના સ્થળે એ બેમાંથી જે સ્થળે મળવાપાત્ર સ્થાનિક વળતર ભથ્થું વધુ હશે તે મળવા પાત્ર થશે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

113. ઘરભાડા ભથ્થું મંજૂર કરવા માટે નીચેનામાંથી બી-1 વર્ગના શહેરોમાં કોનો સમાવેશ થાય છે ?

(A) રાજકોટ
(B) ભાવનગર
(C) સૂરત
(D) વલસાડ

114. બદલી થતાં જૂના સ્થળે સરકારી રહેણાક ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય તેવા સરકારી કર્મચારી તેની બદલીની તારીખના .......... માસથી વધુ સમય માટે નવા સ્થળે ઘરભાડા ભથ્થું મેળવવાને હક્કદાર રહેશે નહીં.

(A) ત્રણ
(B) છ
(C) ચાર
(D) આઠ

115. જો સરકારી કર્મચારીને માંદગી સબબ અથવા અન્યથા મંજૂર કરવામાં આવેલ રજા ભોગવ્યા બાદ ફરજ પર હાજર ન થાય અને રાજીનામું આપે તેવા કિસ્સામાં –

(A) સમગ્ર રજાના ગાળા માટે તે સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મેળવવા હકદાર રહેશે નહીં. રાજીનામાનો સ્વીકાર કરતાં પહેલા આકારેલ સમગ્ર રકમની વસૂલાત કરવાની રહેશે.
(B) માત્ર ઘરભાડા ભથ્થું મેળવવા હક્કદાર રહેશે.
(C) સ્થાનિક વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મેળવવા હક્કદાર રહેશે.
(D) માત્ર સ્થાનિક વળતર ભથ્થું મેળવવા હક્કદાર રહેશે.

116. કેટલા માસ સુધીની એક સાથે લીધેલી વગર પગારની અસાધારણ રજા સહિતની રજા દરમ્યાન જો ખાનગી પ્રેક્ટીસ કરવામાં ન આવી હોય તો, મંજૂર કરાયેલ નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું રજા દરમ્યાન મળવાપાત્ર થાય છે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) છ

117. સરકારી કર્મચારીઓને મંજૂર કરવામાં આવેલ મોઘવારી ભથ્થાની ચૂકવણી અંગે નીચેનામાંથી કઈ શરત / શરતો સાચી છે ?

1. ભારતમાં અથવા ભારત બહાર અસાધારણ રજા સિવાયની બીજી રજાઓના સમયગાળા માટે આ ભથ્થું આકારી શકાશે.
2. રજા દરમ્યાન મળવાપાત્ર મોંઘવારી ભથ્થાની રકમ ખરેખર આકારેલ રજા પગાર પર આધારિત રહેશે.
3. ભારતમાં કે વિદેશમાં અભ્યાસ રજા પર ગયેલા અધિકારીઓને કોઈ મોંઘવારી ભથ્થું મળવા પાત્ર થશે નહીં.

(A) 1, 2 અને 3
(B) 1 અને 2
(C) 1 અને 3
(D) 2 અને 3

118. રાજ્ય સરકાર હેઠળ કામ કરતા કોઈપણ રાજપત્રિત અધિકારી જો તે ......... વર્ષની વયે પહોંચતા પહેલાં સરકારી નોકરીમાં દાખલ થયેલ હોય તો, જાહેર હિતમાં સરકાર તેમને ત્રણ માસનો પગાર અને ભથ્થાં આપીને નિવૃત્ત કરી શકે છે.

(A) 25
(B) 30
(C) 35
(D) 28

119. સરકારી કર્મચારીને નિવૃત્તીવય બાદ લંબાવી આપવામાં આવેલ નોકરીનો સમય પૂરો થઈ રહ્યો હોય, તે કિસ્સામાં નોકરીનો સમય લંબાવી આપવાની જરૂરિયાત હોય તો મંજૂરી કે નવેસરથી મંજૂરી ઉપસ્થિત થવાના ઓછામાં ઓછા કેટલા માસ પહેલાં સરકારને અહેવાલ મોકલવાનો હોય છે ?

(A) ચાર
(B) એક
(C) ત્રણ
(D) બે

120. પેન્શનપાત્ર સેવામાં નીચેનામાંથી કોનો સમાવેશ થશે નહીં ?

1. જેનો ખર્ચ આકસ્મિક ખર્ચમાંથી ચૂકવવામાં આવતી હોય તેવી નોકરીનો
2. રાજીનામા, રૂખસદ કે બરતરફી પહેલાંની નોકરીનો
3. રાજ્યેતર સેવાનો
4. વેકેશન ખાતામાં કામ કરતા સરકારી કર્મચારીઓએ લીધેલ વેકેશનનો

(A) 1 અને 2
(B) 1 અને 3
(C) 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

121. ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, 2002 લાગુ પડતા હોય તેવી નોકરી કે હોદ્દા ઉપર રહેમિયત અગર અશક્તતા પેન્શન પર ઉતરેલા હોય કે રહેમિયત કે અશક્તતા ગ્રેજ્યુઈટી પ્રાપ્ત કરી હોય તેવા સરકારી કર્મચારીની નિમણૂંક કે પુનર્નિયુક્તિ કરવામાં આવે ત્યારે, તેણે મળતું પેન્શન લેવાનું બંધ કરવાનો વિકલ્પ આપેલ હોય તો તેની અગાઉની નોકરી માટે મેળવેલ ગ્રેજ્યુઈટીની રકમ વધુમાં વધુ કેટલા માસિક હપ્તામાં વસૂલાત કરવાની જોગવાઈ છે ?

(A) 24
(B) 36
(C) 12
(D) 30

122. પેન્શનપાત્ર સેવાની ગણતરી કરવાના પ્રસંગે સતત કેટલા વર્ષ કરતાં વધુ સમયની કોઈપણ પ્રકારની મંજૂર કરવામાં આવેલી રજાને સેવાની તૂટ ગણાશે અને તેની ઉપેક્ષા કરી ફક્ત ત્રણ માસ સુધીની તૂટ પેન્શનપાત્ર સેવા તરીકે ગણવામાં આવશે.

(A) બે
(B) ત્રણ
(C) પાંચ
(D) ચાર

123. જે સરકારી કર્મચારીએ કેટલા વર્ષની પેન્શનપાત્ર સેવા પૂરી કરી હોય અને જેને નિવૃત્ત વય પહોંચતા પહેલાં અક્ષમ તબીબી અધિકારીએ તેની માનસિક અથવા શારીરિક અસ્વસ્થતાના કારણો, નોકરી માટે અશક્ત જાહેર કરવામાં આવતા તેને અશક્તતા પેન્શન મંજૂર કરી શકાય છે ?

(A) પાંચ
(B) પંદર
(C) બાર
(D) દસ

124. સરકારી કર્મચારીને રહેમિયત પેન્શન નીચેનામાંથી ક્યારે મંજૂર થઈ શકે છે ?

1. સરકારી નોકરીમાંથી પદચ્યુત કરવામાં આવે.

2. સરકારી નોકરીમાંથી બરતરફ કરવામાં આવે.

3. તેને તેની ગેરવર્ણૂક કે નાદારીને કારણે નિવૃત્ત કરવામાં આવે.

(A) 1 અને 2 (B) 1 અને 3

(C) 2 અને 3 (D) 1, 2 અને 3

125. કોઈ સરકારી કર્મચારીની પેન્શનપાત્ર સેવાના 10 પુરા વરસ થયેલ છે અને તે નોકરી દરમ્યાન અવસાન પામે છે તો તેના કુટુંબને કેટલી મૃત્યુ-સહ-નિવૃત્તી ગ્રેજ્યુઈટીની રકમ ચૂકવવામાં આવશે ?

(A) બાર માસનો પગાર (B) દસ માસનો પગાર

(C) છ માસનો પગાર (D) પાંચ માસનો પગાર

126. સરકારી કર્મચારીઓ માટે શારીરિક યોગ્યતાની ચકાસણી માટેનું તબીબી મંડળ કેટલા તબીબી વ્યક્તિઓનું બનેલું હોય છે ?

(A) બે (B) ચાર

(C) પાંચ (D) ત્રણ

127. 1. રાજીનામા પછી કોઈ વ્યક્તિને નોકરીમાં રાખવામાં આવે ત્યારે તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાની આવશ્યકતા રહેશે.

2. નિવૃત્તી પછી છ માસમાં પુનર્નિયુક્તિ પામેલા નિવૃત્ત સરકારી કર્મચારીને તંદુરસ્ત આરોગ્ય અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે. (B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

(C) બંને વિધાનો સાચાં છે. (D) બંને વિધાનો ખોટાં છે.

128. સંવર્ગ બહારની કોઈપણ જગાએ બદલી પર ગયેલ સરકારી કર્મચારી પોતાની બદલી પછીના કેટલા વર્ષમાં નિવૃત્તી વયે પહોંચી નિવૃત્ત થવાની જાણ હોય તો તેની સંવર્ગની જગા પરનો ધારણાધિકાર મોકૂફ રાખી શકાશે નહીં ?

(A) ત્રણ (B) બે

(C) એક (D) ચાર

129. કયા ખાતા હેઠળની સંસ્થાના વડા અધિકારી સિવાયના સરકારી કર્મચારીની જગાના હવાલાની લેવડ દેવડ મુખ્ય મથક સિવાયના બીજા સ્થળે કરવાની મંજૂરી આપી શકાય છે ?

(A) મહેસૂલ (B) નાણાં

(C) શિક્ષણ (D) શ્રમ અને રોજગાર

130. નીચે દર્શાવેલ સંવર્ગો પૈકી કયા સંવર્ગમાં નિમાયેલ કર્મચારીઓની સેવાપોથી બનાવવાની હોતી નથી ?

1. વન ચોકિયાતો

2. નશાબંધી અને આબકારી પોલીસ દળ સ્ટાફ

3. હેડ કોન્સ્ટેબલના દરજ્જાથી ઊંચા દરજ્જાના ન હોય તેવા પોલીસ કર્મચારીઓ

4. દરેક પ્રકારના વર્ગ-4ના કર્મચારીઓ

(A) 1 અને 4 (B) 1, 2, 3 અને 4

(C) 1, 2 અને 4 (D) 1, 3 અને 4

131. સરકારી કર્મચારીની જન્મ તારીખની નોંધ સેવાપોથીમાં કરતી વેળાએ જન્મના વર્ષ અને માસ બંનેની જાણ હોય પરંતુ ચોક્કસ તારીખની જાણ ન હોય ત્યારે તે માસની કઈ તારીખને જન્મ તારીખ ગણવામાં આવે છે ?

(A) 16મી (B) 1લી

(C) 15મી (D) 10મી

132. સરકારી કર્મચારીને નીચેના કયા પ્રસંગે તેમની સેવાપોથી અથવા સેવાપત્રક પરત આપવામાં આવે છે ?

(A) સેવામાંથી નિવૃત્ત થતાં

(B) સેવામાંથી રાજીનામું આપતાં

(C) સેવામાંથી છૂટા કરવામાં આવતાં

(D) ઉપર (A), (B) કે (C) ના પ્રસંગે પરત મળવાપાત્ર નથી.

133. સરકારી કર્મચારીની સેવાપોથીમાં નીચેનામાંથી શું સામેલ કરવામાં આવે છે ?

1. સામાન્ય ભવિષ્યનિધિ બાબતે સરકારી કર્મચારીએ ભરેલ નામનિયુક્તિના નમૂનાની નકલ

2. સરકારી વીમા યોજના અંગે સરકારી કર્મચારીએ ભરેલ નામનિયુક્તિના નમૂનાની નકલ

3. ચારિત્ર્ય માટેના પ્રમાણપત્રો

(A) માત્ર 1

(B) 1 અને 3

(C) 1 અને 2

(D) 1, 2 અને 3

134. નીચેના વિધાનો ચકાસો.

1. નિમણૂંકમાં થતા ફેરફારને કારણે ખરેખર કચેરી બદલાતી ન હોય તો ફરજ પર જોડાવા માટેનો સમય મળવાપાત્ર નથી.

2. એક જ મુખ્ય મથકે કચેરી ખરેખર બદલાઈ હોય ત્યારે એક દિવસ ફરજ પર જોડાવાનો સમય મળવાપાત્ર છે.

(A) બંને વિધાનો સાચાં છે.

(B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

135. એક મથકેથી બીજા મથકે સરકારી કર્મચારીની બદલી સંકળાયેલ હોય એવા પ્રસંગોએ, સરકારી કર્મચારીનો ફરજ પર જોડાવાનો સમય વધારેમાં વધારે કેટલા દિવસની મર્યાદાને અધીન રહેશે ?

(A) 15

(B) 30

(C) 08

(D) 10

136. કયા સંજોગોમાં રાજ્યેતર સેવામાં બદલી કરી શકાય ?

(A) બદલી પછી બજાવવામાં આવનારી કામગીરી એવી હોય કે જાહેર હિતના કારણોસર સરકારી કર્મચારી જ તેને બજાવવા યોગ્ય હોય.

(B) જેની બદલી કરવામાં આવે તે કાયમી કે હંગામી સરકારી કર્મચારી બદલીના સમયે, રાજ્યના એકત્રિત ફંડમાંથી ચૂકવણું કરવામાં આવતી હોય તેવી જગા ધરાવતો હોય.

(C) (A) અથવા (B)

(D) (A) અને (B)

137. નીચેના વિધાનો ચકાસો.

1. રાજ્યેતર સેવા પૂરી થયે સરકારી કર્મચારી નિવૃત્તિ પૂર્વેની રજા લે, તો તે જે તારીખે રજા પર ઉતરે તે તારીખથી સરકારી નોકરીમાં પાછો ફર્યો છે એમ ગણાશે.

2. રાજ્યેતર સેવામાંનો સરકારી કર્મચારી નિવૃત્તિ પૂર્વેની રજા માટે અરજી કરે, તો રાજ્યેતર સેવાના નિયોક્તા રજા મંજૂર કરવા કે નકારવા માટે સક્ષમ સત્તાધિકારી છે.

(A) બંને વિધાનો સાચાં છે.

(B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

138. રાજ્યેતર સેવામાંનો કોઈ સરકારી કર્મચારી પરત આવવા પોતાની ઈચ્છા અંગેની નોટિસ સરકારને આપે એ પછી કેટલા મહિનામાં મૂળ જગાએ પરત જવાને હકદાર થશે ?

(A) ત્રણ

(B) છ

(C) બે

(D) નવ

139. સરકારી કર્મચારીની ફરજમોકૂફી દરમ્યાન મૂળ નિર્વાહભથ્થામાંથી નીચેનામાંથી કઈ કપાતો ફરજિયાત કપાતો તરીકે કરવાની હોય છે ?

1. આવકવેરો અને વ્યવસાય વેરો

2. સામાન્ય ભવિષ્યનિધિમાં ભરવાનો ફાળો

3. સરકાર પાસેથી ઉછીની લીધેલી રકમો અને પેશગીઓ

4. અદાલતી જપ્તીઓ અંગે લેણી રકમો

(A) 1, 3 અને 4
(B) 1, 2, 3 અને 4
(C) 1, 2 અને 4
(D) 1 અને 3

140. ફરજમોકૂફી હેઠળના કર્મચારી સામેની વસૂલાત કરવાનું સક્ષમ સત્તાધિકારી પોતાની વિવેકબુદ્ધિથી નક્કી કરે તો નિર્વાહ ભથ્થાંની (મોંઘવારી ભથ્થા અને અન્ય મળતર ભથ્થા સિવાયના) રકમથી સામાન્યતઃ કેટલાથી વધુ નહિં એટલી રકમના દરે વસૂલાત લેવામાં આવશે ?

(A) 1/3
(B) 2/5
(C) 1/2
(D) 1/5

141. ભારત બહાર યોગ્ય મંજૂરીથી પ્રતિનિયુક્તિ કરેલ સરકારી કર્મચારીના પગાર અને ભથ્થાં અંગે નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ભારતના બંદરેથી સ્ટીમર પર ચઢ્યાની તારીખથી પરદેશના બંદરે ઉતર્યાની તારીખ સુધીના સમય માટે જો તે ભારતમાં ફરજ પર હોત તો તેણે જે પગાર આકાર્યો હોય તેટલો પગાર

2. પરદેશના નિયોક્તા વખતો વખત ઠરાવે તે પ્રમાણે વળતર ભથ્થાં મેળવશે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

142. સરકારી કર્મચારીને ખાસ પગાર નીચેના કયા સંજોગોને અનુલક્ષીને આપવામાં આવે છે ?

(A) કચેરી સમય પૂર્વે કે પશ્ચાત કરવાના થતા કામ માટે
(B) ફરજના સવિશેષ પરિશ્રમના પ્રકારને અનુલક્ષીને
(C) કામમાં કે જવાબદારીમાં થતા ખાસ વધારાને અનુલક્ષીને
(D) ઉપરના (B) અથવા (C) બંને પ્રકારમાં

143. "કાયમી પગાર"માં નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે ?

(A) ખાસ પગાર
(B) અંગત પગાર
(C) (A) તથા (B) બંનેમાંથી એકેય નહીં
(D) (A) તથા (B) બંનેનો

144. સરકારી કર્મચારીને અંગત પગાર મંજૂર કરવા અંગે નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. મુદતી જગાના સંબંધમાં પગાર સુધારવાને કારણે પગારમાં થતા કોઈ ઘટાડાને થતા નુકસાનમાંથી બચાવવા.

2. અપવાદ રૂપ સંજોગોમાં અન્ય કારણોસર

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

145. નીચલી જગા ઉપર ઈજાફો મેળવતા પહેલા કર્મચારીને સામાન્ય ક્રમમાં બઢતી આપવામાં આવે ત્યારે તેનો પગાર નિયત કરવા માટે વિકલ્પ આપી શકે છે. આ વિકલ્પ બઢતીની તારીખથી કેટલા સમય સુધીમાં આપવાનો હોય છે ?

(A) એક માસ સુધીમાં
(B) દસ દિવસ સુધીમાં
(C) પંદર દિવસ સુધીમાં
(D) વીસ દિવસ સુધીમાં

146. જૂનિયર સરકારી કર્મચારીના પગારના આધારે સિનિયર કર્મચારીનો પગાર વધારી આપવા બાબતે નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. જુનિયર અને સિનિયર બંને કર્મચારીઓ એક જ અને તે જ સંવર્ગના હોવા જોઈએ.

2. તેમની નિમણૂંક કે બઢતીની જગાઓ પણ એકસરખી અથવા સમાન સંવર્ગની અને બઢતીના નિયત ક્રમમાં હોવી જોઈએ.

3. સિનિયર કર્મચારીનો આ રીતે કરવામાં આવેલો પગાર વધારો જૂનિયર કર્મચારીને નીચલી પાયરી ઉપર ઉતારવામાં આવે તો પણ ઘટાડવામાં આવશે નહીં અથવા તે જ અધિકારીના પગારના સંદર્ભે ફરીથી વધારી પણ આપવામાં આવશે નહીં.

(A) 1 અને 2
(B) 1 અને 3
(C) 2 અને 3
(D) 1, 2 અને 3

147. જે જગા માટે એક કરતાં વધારે પગાર ધોરણ લાયકાતના આધારે નક્કી કરવામાં આવ્યા હોય તેવી જગા ઉપર ફરજ બજાવતા કર્મચારીની નિમણૂંક તે જ જગાના સીનિયર એટલે કે ઉંચા પગાર ધોરણમાં કરવામાં આવે ત્યારે તેનો પગાર ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, 2002ના કયા નિયમ હેઠળ નક્કી થાય છે ?

(A) નિયમ-13
(B) નિયમ-23
(C) નિયમ-14
(D) નિયમ-39

148. ફરજો અથવા જવાબદારીમાં ફેરફાર થવાના પરિણામે તે જગાનું પગાર ધોરણમાં ફેરફાર કરવામાં આવે તે સિવાયના કિસ્સામાં સરકારી કર્મચારી તેના વિકલ્પે તેનો જુનો પગાર ચાલુ રાખવાનો વિકલ્પ આપી શકે છે. આ વિકલ્પ અંગે નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો સાચાં છે ?

1. એક વખત આપવામાં આવેલ વિકલ્પ આખરી બને છે.

2. જૂના પગાર ધોરણમાં કોઈપણ ઈજાફાની તારીખ સુધી જૂનો પગાર ચાલુ રાખી શકશે.

3. જૂના પગાર ધોરણમાં પગાર મેળવતો બંધ થાય ત્યાં સુધી તે ચાલુ રાખી શકશે.

(A) 1, 2 અને 3
(B) 1 અને 3
(C) 1 અને 2
(D) 2 અને 3

149. પ્રાપ્ત રજા આગળ કે પાછળના જાહેર દિવસો સહિત ઓછામાં ઓછી .......... દિવસ અને સામાન્યતઃ એક અંગ્રેજી વર્ષ દરમ્યાન .......... વાર મંજૂર કરી શકાય.

(A) 7, 2
(B) 7, 3
(C) 7, 4
(D) 7, 5

150. અર્ધપગારી રજા સંબંધમાં નીચેનામાંથી કયા વિધાન યોગ્ય છે ?

1. આ રજા દર છ માસે 1લી જાન્યુઆરી / 1 જુલાઈના રોજ એડવાન્સમાં 10-10 જમા થાય છે.

2. આ રજા અમર્યાદિત પ્રમાણમાં જમા થઈ શકે છે.

3. અધવચ્ચે નોકરીમાં દાખલ થનારને દર પુરા થતા માસે 3/5 દિવસ લેખે મળે. અપૂર્ણાંક નજીકમાં પૂરા કરવાના રહેશે.

(A) 1 અને 2
(B) 1 અને 3
(C) 2 અને 3
(D) 1, 2 અને 3

151. મહિલા સરકારી કર્મચારી પ્રસૂતિની રજાના અનુસંધાનમાં અધિકતમ કેટલા દિવસ સુધીની રૂપાંતરિત રજા, તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા સિવાય લઈ શકે છે ?

(A) 45
(B) 90
(C) 120
(D) 60

152. ખાસ અશક્તતા રજાના સંબંધમાં નીચેનામાંથી કયા વિધાન/વિધાનો યોગ્ય છે ?

1. ખાસ અશક્તતા રજા અન્ય પ્રકારની રજા સાથે જોડી શકાશે.

2. આ રજા કોઈપણ સંજોગોમાં 12 માસથી વધવી જોઈએ નહીં.

3. પેન્શનપાત્ર સેવાની ગણતરી માટે આ રજા ફરજ તરીકે ગણાશે.

(A) 1 અને 3
(B) 1 અને 2
(C) 2 અને 3
(D) 1, 2 અને 3

153. હોસ્પિટલ રજા નીચેનામાંથી કોને મળવાપાત્ર થાય ?

1. વર્ગ-4ના સરકારી કર્મચારીઓ કે જેમની ફરજો યંગસામગ્રીના જોખમી સંચાલનની સ્ફોટક પદાર્થો કે ઝેરી ઔષધોની કામગીરી સાથે સંકળાયેલ હોય.

2. હેડ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉચ્ચ દરજ્જાના ન હોય તેવા તાલીમીઓ સહિતના પોલીસ અધિકારીઓ.

3. કારકુની મહેકમ સિવાયના નશાબંધી અને આબકારી ખાતાના સરકારી કર્મચારીઓ.

4. વન વિભાગના તાબાના અધીનસ્થ કર્મચારીઓ.

(A) 1 અને 4
(B) 1, 2, 3 અને 4
(C) 1, 2 અને 4
(D) 1, 3 અને 4

154. બિન જમા રજા એકી સાથે કેટલા દિવસની મંજૂર કરી શકાય ?

(A) 180
(B) 120
(C) 60
(D) 90

155. નીચેના કયા સંજોગોમાં રજા મંજૂર કરવામાં આવશે નહીં ?

1. ખાતાના કર્મચારીઓનું સંખ્યાબળ લઘુત્તમ આવશ્યક સંખ્યા કરતા ઘટી જાય ત્યારે.

2. સક્ષમ શિક્ષા સત્તાધિકારીએ નોકરીમાંથી બરતરફ કરવાનો નિર્ણય કર્યો હોય.

3. સક્ષમ શિક્ષા સત્તાધિકારીઓ નોકરીમાંથી ફરજિયાત નિવૃત્ત કરવાનો નિર્ણય કર્યો હોય.

(A) 1 અને 2
(B) 1 અને 3
(C) 1, 2 અને 3
(D) 2 અને 3

156. પિતૃત્વ રજા અંગે નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. આ રજા અન્ય પ્રકારની રજા સાથે જોડી શકાતી નથી.

2. એક હયાત બાળક ધરાવતા પુરૂષ સરકારી કર્મચારીને આ રજા મળવાપાત્ર છે.

3. આ રજા પત્નીની પ્રસૂતિ દરમિયાન પંદર દિવસની મંજૂર કરી શકાય છે.

4. રજાની અગાઉના ફરજ પરના દિવસે લીધેલ પગારના દરે આ રજાનો રજા પગાર ચૂકવવામાં આવશે.

(A) 1 અને 2
(B) 3 અને 4
(C) 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

157. સરકારી રહેણાંકોના આવાસોનું વર્ગીકરણ કુલ કેટલા પ્રકારે કરવામાં આવેલ છે ?

(A) સાત
(B) આઠ
(C) નવ
(D) છ

158. જ્યારે રહેણાંકના આવાસનો અંશતઃ રહેણાંક માટે અને અંશતઃ કચેરી માટે વાપરવામાં આવતું હોય અને તેના જુદા ભાડા ચૂકવવામાં આવતા ન હોય ત્યારે રહેણાંકના આવાસ માટેના હિસ્સાના ભાડાની ગણતરી કોણ નક્કી કરે છે ?

(A) નાયબ કાર્યપાલક ઈજનેર
(B) કાર્યપાલક ઈજનેર
(C) અધિક્ષક ઈજનેર
(D) મુખ્ય ઈજનેર

159. સરકારી કર્મચારીને નિયમાનુસાર મળવાપાત્ર કક્ષાના રહેણાંકના આવાસ કરતાં ઊંચી કક્ષાનું આવાસ ફાળવવામાં આવે, ત્યારે તેની પાસેથી કયું ભાડું લેવામાં આવશે ?

(A) મળવાપાત્ર રહેણાંકના આવાસનું પુરેપૂરૂ ધોરણસરનું ભાડું
(B) મળવાપાત્ર રહેણાંકના આવાસનું પુરેપૂરૂ આર્થિક ભાડું
(C) મળવાપાત્ર રહેણાંકના આવાસનું પુરેપૂરૂ બજાર ભાડું
(D) ઉચ્ચકક્ષાના રહેણાંકના આવાસનું પુરેપૂરૂ ધોરણસરનું ભાડું

160. રહેઠાણના ભાડામુક્ત આવાસો નીચેનામાંથી કયા પદધારકોને મળવાપાત્ર છે ?

1. વનખંડ કલાર્ક

2. મેનેજર, નિવાસી કમિશ્નર, ન્યુ દિલ્હી

3. સ્ટુઅર્ડ, ગુજરાત વિધાનસભા સચિવાલય

4. રાજ્યપાલના અંગત સચિવ

5. ડીન, વર્ગ-1 તબીબી શિક્ષણ

(A) ઉપરના બધાજ (B) 1 અને 3

(C) 1, 3 અને 5 (D) 1, 2, 4 અને 5

161. ગુજરાત મુલ્કી સેવા (રહેણાંકના મકાનોમાં વસવાટ) નિયમો, 2002માં આ નિયમો અમલમાં આવેલ તે પહેલાના સરકારી રહેણાંક આવાસોનું પુનઃવર્ગીકરણ કરવાની જે જોગવાઈ છે તેમાં મુખ્ય મકાનમાં ઓરડા, રસોડું, બાથરૂમ, સંડાસ, સ્ટોર રૂમ અને બંધ ઓસરીને ક્ષેત્રફળના કેટલા ટકા ગણવામાં આવેલ છે ?

(A) 25 ટકા (B) 100 ટકા

(C) 60 ટકા (D) 75 ટકા

162. રહેણાંકના આવાસામાં સરકારના ખાસ હુકમ હેઠળ સરકારના ખર્ચે રેફ્રિજરેટર આપવામાં આવેલ હોય ત્યારે મુદ્દલ ખર્ચના કેટલા ટકાના દરે ભાડું લેવામાં આવશે ?

(A) 14 (B) 22

(C) 20 (D) ભાડું લેવામાં આવતું નથી.

163. સરકારી રહેણાંકના આવાસનો ભોગવટો ધરાવતા સરકારી કર્મચારીને જ્યારે કેન્દ્ર સરકારના ખાતામાં પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવ્યા હોય ત્યારે તેમની પાસેથી કયા નિયત દરે ભાડું વસૂલ કરવામાં આવશે ?

(A) આર્થિક ભાડું (B) બજાર ભાડું

(C) ધોરણસર ભાડું (D) અધિકૃત ભોગવટાનું ભાડું

164. કોઈપણ કારણસર સરકારી રહેણાંકના આવાસ વસવાટ કરવા યોગ્ય નથી એમ કબજેદારને લાગે કે તરત જ તેણે રહેણાંકના આવાસનો હવાલો ધરાવતા કયા અધિકારીને તે બાબતની જાણ કરવી પડશે ?

(A) મદદનીશ ઈજનેર (B) નાયબ કાર્યપાલક ઈજનેર

(C) અધિક્ષક ઈજનેર (D) કાર્યપાલક ઈજનેર

165. મુસાફરી ભથ્થાંના કેટલા પ્રકાર છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

166. પેન્શનરને મુસાફરી કરવાની આવશ્યક્તા ઉપસ્થિત થાય ત્યારે કયા પગારના આધારે તેને મુસાફરી ભથ્થાંનો હક પ્રાપ્ત થશે ?

(A) મૂળતઃ મંજૂર કરવામાં આવેલ પેન્શનની રકમ

(B) નિવૃત્તીના તરત પહેલાં તેણે ફરજ પરનો જે છેલ્લો પગાર મેળવ્યો હોય તે

(C) પેન્શનનું રૂપાંતર કર્યા બાદની રકમ

(D) આવો લાભ મળવાપાત્ર નથી

167. પ્રાસંગિક રજાના દિવસો માટે દૈનિક ભથ્થાં અંગે નીચેનામાંના કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. પોતાના કાર્યક્ષેત્રની બહાર ફરજ બજાવતા સરકારી કર્મચારીને પ્રાસંગિક રજાના દિવસો માટે દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી.

2. આમ છતાં આ દિવસો માટે તેને કાયમી મુસાફરી ભથ્થું મળતું હોય તો તે દરે દૈનિક ભથ્થું આકારવા પરવાનગી આપી શકાય.

(A) બંને વિધાનો સાચાં છે. (B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન (1) ખોટું અને (2) સાચું છે. (D) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

168. નીચેના વિધાનો ચકાસો.

1. એકથી બીજી જગા પર હાજર થવાના સમય દરમ્યાન અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય કાયમી મુસાફરી ભથ્થું આકારી શકાશે નહી.

2. જગા માટે મંજૂર કરવામાં આવેલ કાયમી મુસાફરી ભથ્થું તેના પદધારકે તેના પગાર અને ભથ્થાં સાથે પગાર બિલના નમૂનામાં આકારવાનું હોય છે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

169. માસિક સરેરાશ .......... કિલોમીટર કરતા વધુ સત્તાવાર ફરજ ઉપરના પ્રવાસ વિના વાહન ભથ્થું મળવાપાત્ર થશે નહીં.

(A) 150
(B) 250
(C) 200
(D) 300

170. નીચેના વિધાનો ચકાસો.

1. સરકારી કર્મચારીને હંગામી બદલી દરમ્યાન કોઈ વાહનભથ્થું મળવાપાત્ર થશે નહીં.

2. આબકારી ખાતાના ઈન્સ્પેકટરો તેમની જૂની જગાનો હવાલો સોંપીને નવા સ્થળે રજા ભોગવ્યા બાદ હવાલો સંભાળે ત્યારે હાજર થવાના સમય દરમ્યાન વાહનભથ્થું મળશે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(D) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

171. તાલીમ કે પ્રવાસ વગેરે અંગે જાહેર રજાઓ આગળ પાછળ જોડીને ફરજ પરથી કુલ કેટલા દિવસ કરતાં વધુ દિવસ ગેરહાજર રહેતા કર્મચારીને તેમની આવી ગેરહાજરીના આગળ કે પાછળ જોડેલ રજાઓ સહિતના સમયગાળા માટે પરિવહન ભથ્થું મળવાપાત્ર નથી ?

(A) 45
(B) 30
(C) 60
(D) 90

172. બદલી પ્રવાસ ભથ્થું સરકારી કર્મચારી પર આધારિત કેવળ બે બાળકો પૂરતું જ સીમિત રાખવાની જોગવાઈ છે. તેમ છતાં કઈ તારીખ પહેલાં જેઓને બે કે તેથી વધુ બાળકો હોય તેવા કર્મચારીઓને આ મર્યાદા લાગુ પડતી નથી ?

(A) તા. 16-9-1998
(B) તા. 20-9-1998
(C) તા. 1-4-1998
(D) તા. 2-7-1999

173. કાર્યપત્રકના હેતુ માટે કયા પ્રકારના કાગળો આવેલા કાગળો (Receipts) ગણાશે ?

1. અધિકારીઓને સીધા મોકલેલ કેસો પર કચેરીએ બિન-રેકર્ડ નોંધ મૂકી હોય તે તે.

2. જેના પર કાર્યવાહી કરવાની હોય તેવી અધિકારીઓને મૂકેલી સ્વતંત્ર નોંધ.

3. બીજી શાખાઓ માટેના કાગળો, જે સંબંધિત શાખાઓએ તબદીલ કરવાના હોય છે.

4. અધિકારીઓના અંગત પત્રો.

(A) 1, 2 અને 3
(B) 1 અને 2
(C) 2, 3 અને 4
(D) 1, 3 અને 4

174. ''જરૂરી'' તરીકે દર્શાવેલા કોઈપણ કેસને રજૂ કરવા સારૂ ચોખ્ખા કેટલા દિવસ કરતાં વધારા સમય સુધી શાખામાં પડી રહેવા દેવો જોઈએ નહીં ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) એક

175. એક પત્રમાં એકથી વધુ વિષયોનો સમાવેશ થતો હોય તેવા પત્રોના નિકાલ અંગે નીચેનામાંથી કયા વિધાન યોગ્ય છે ?

1. આવા પત્રો જો સરકારી કચેરી તરફથી આવેલ હોય તો પાછા મોકલીને વિષયવાર જુદું લખાણ કરવા જણાવવું.

2. આવા પત્રો જો ખાનગી વ્યક્તિ તરફથી આવેલ હોય તો દરેક વિષયને લગતો ઉતારો કરી સંબંધિત દફતર કારકુનને નિકાલ માટે મોકલવા.

3. એકાઉન્ટન્ટ જનરલ તરફથી મળતા ઓડિટ વાંધામાં વધુ વિષયોનો સમાવેશ થતો હોય તો તેને પરત મોકલવાના નથી.

(A) 1 અને 3 (B) 1 અને 2

(C) 1, 2 અને 3 (D) 2 અને 3

176. તાર, રજિસ્ટર્ડ તથા વીમો ઉતરાવેલ કાગળો વગેરેની પહોંચ ઓછામાં ઓછા કેટલા સમય સુધી જાળવી રાખવાની હોય છે ?

(A) છ માસ (B) બે માસ

(C) એક વર્ષ (D) ત્રણ માસ

177. નોંધણી વિભાગના વડાએ સર્વિસ ટપાલ ટિકિટોના હિસાબનું રજિસ્ટર નોંધણી વિભાગનો હવાલો ધરાવતા શાખાના વડાને ક્યારે રજૂ કરવાનું હોય છે ?

(A) દર બે માસે (B) દર ત્રણ માસે

(C) દર માસે (D) દર પંદર દિવસે

178. કોઈ પણ ફાઈલમાં નોંધ વિભાગ કે પત્ર વ્યવહાર વિભાગમાં કેટલા કરતાં વધુ પાના થાય ત્યારે ફાઈલ બંધ કરીને નવી ફાઈલ ખોલવાની હોય છે ?

(A) 100 (B) 150

(C) 200 (D) 250

179. ખાતામાં હાથ ધરવામાં આવતા વિષયોની દફતર વર્ગીકરણની યાદીઓ માટે સચિવાલયના સંબંધિત વિભાગ પાસેથી સરકારની અનુમતિ મેળવી લેવાની જોગવાઈ છે અને દર કેટલા સમયે તેનું પુનરાવલોકન કરતા રહેવું જોઈએ ?

(A) દર બે વર્ષે (B) દર ત્રણ વર્ષે

(C) દર ચાર વર્ષે (D) દર પાંચ વર્ષે

180. દફતરદાર પાસેથી મેળવેલી ફાઈલ દફતર કારકુને કેટલા મહિનાથી વધારે વખત માટે રાખવી જોઈએ નહીં ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) છ

181. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 અંગે નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. આ નિયમો ભારતમાંની અન્ય સરકારોમાં પ્રતિનિયુક્તિ પર હોય એવા ગુજરાત સરકારના સરકારી કર્મચારીઓને લાગુ પડતા નથી.

2. આ નિયમો રાજ્યેત્તર સેવામાંના ગુજરાત સરકારના સરકારી કર્મચારીઓને લાગુ પડતા નથી.

(A) બંને વિધાનો સાચાં છે. (B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે. (D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

182. 1. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 ભારતના સંવિધાનની કલમ 309 હેઠળ મળેલ સત્તાની રૂએ નિયત થયેલ છે.

2. આ નિયમો માટે કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી મેળવવામાં આવેલ છે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે. (B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

(C) બંને વિધાનો ખોટાં છે. (D) બંને વિધાનો સાચાં છે.

183. કોઈ પણ સરકારી કર્મચારી, 14 વર્ષથી નીચેની ઉંમરના કોઈપણ બાળકને કામે રાખી શકશે નહીં તેવી જોગવાઈ ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971માં કયા વર્ષમાં ઉમેરવામાં આવેલ છે ?

(A) ઈ.સ. 2000 (B) ઈ.સ. 1999

(C) ઈ.સ. 1998 (D) ઈ.સ. 2002

184. સરકારની પૂર્વ મંજૂરી સિવાય સરકારી કર્મચારી નીચેનામાંથી કયા પ્રકારનું પ્રકાશન કરી શકે છે ?
1. સંપૂર્ણ સાહિત્યિક 2. કલાવિષયક 3. વૈજ્ઞાનિક પ્રકારનું
(A) 1 અને 2
(B) માત્ર 1
(C) 1, 2 અને 3
(D) 2 અને 3

185. સરકારી કર્મચારી નીચેનામાંથી કયાં કોઈ ચૂંટણી પ્રતીક પ્રદર્શિત કરે તો તેણે ચૂંટણીમાં પોતાની વગનો ઉપયોગ કર્યો છે એમ ગણાશે ?
(A) પોતાના શરીર પર
(B) પોતાના વાહન પર
(C) પોતાના રેહેઠાણ પર
(D) ઉપરના તમામ

186. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 મુજબ "ભેટ" શબ્દમાં –
1. સરકારી કર્મચારી સાથે સરકારી કામકાજનો વ્યવહાર ન ધરાવતા નજીકના સગાએ આપેલ વાહન, ભોજન, રહેઠાણ અંગેની મફત જોગવાઈનો સમાવેશ થાય છે.
2. કોઈપણ સમારંભ વખતે સરકારી કર્મચારીને આપવામાં આવેલ લેલૂ ચાવી તથા આવી બીજી વસ્તુઓનો સમાવેશ થાય છે.
(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

187. નીચેના વિધાનો પૈકી કયું વિધાન સાચું/સાચાં છે ?
1. વર્ગ-1 ના અધિકારીના સમારંભ માટે વર્ગ-3 અને વર્ગ-4 ના કર્મચારીઓ પાસેથી ફાળો ઉઘરાવી શકાય છે.
2. કોઈપણ જાહેર મંડળે યોજેલ સાદા સમારંભમાં સરકારી કર્મચારી હાજરી આપી શકે છે.
(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

188. સરકારી કર્મચારી/અધિકારી સામે જ્યારે કોઈ ફોજદારી કે દિવાની ગુનો દાખલ થયેલ હોય કે જેમાં નૈતિક અધઃપતનનો સમાવેશ થતો હોય તો સરકારી કર્મચારીએ ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971ના કયા નિયમ મુજબ આ બાબતનો લેખિત અહેવાલ સંબંધિત કચેરીને કરવાનો હોય છે ?
(A) નિયમ - 15
(B) નિયમ - 16
(C) નિયમ - 17
(D) નિયમ - 18

189. કચેરીના વડા તરીકે વર્ગ-1 ના અધિકારી હોય, તેઓ સરકારી કર્મચારીને ભવિષ્યના ઈજાફાને અસર ન થાય તે રીતે કેટલા સમય માટેની શિક્ષા કરી શકે છે ?
(A) છ મહિના સુધીની
(B) એક વર્ષ સુધીની
(C) બે વર્ષ સુધીની
(D) પાંચ વર્ષ સુધીની

190. 1. જેઓ વર્ગ-2 ના અધિકારીઓ હોય એવા કચેરીઓના વડા બઢતી અટકાવવાની શિક્ષા કરી શકતા નથી.
2. આવા અધિકારીઓ સિનિયોરીટીને અસર ન થાય તે રીતે છ મહિના સુધી બઢતી અટકાવવાની શિક્ષા કરી શકે છે.
(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

191. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 ક્યારથી અમલમાં આવેલ છે ?
(A) તા. 16-8-1971
(B) તા. 1-4-1971
(C) તા. 15-8-1971
(D) તા. 1-8-1971

192. સરકારી કર્મચારીને જે તારીખથી ફરજમોકૂફ કરવામાં આવ્યો હોય તે તારીખથી કેટલા દિવસની મુદત પૂરી થતાં પહેલાં તેની વિરૂદ્ધ શિસ્ત વિષયક કાર્યવાહી શરૂ ન થઈ હોય તો આવી ફરજમોકૂફી માન્ય ગણાશે નહીં ?
(A) 90
(B) 120
(C) 60
(D) 180

193. નાની શિક્ષાઓ કેટલા પ્રકારની છે ?

(A) ચાર
(B) ત્રણ
(C) બે
(D) પાંચ

194. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 ના નિયમ - 6 માં દર્શાવેલ કોઈપણ શિક્ષા, કોઈપણ સરકારી કર્મચારીને કોણ કરી શકશે ?

(A) સંબંધિત વહીવટી વિભાગના સચિવ
(B) ખાતાના વડા
(C) કચેરીના વડા
(D) સરકાર

195. ખાતાકીય તપાસમાં ''મિત્ર મદદનીશ''ની સેવા લેવાના સંબંધમા નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. તહોમતદાર તેની સામેની ખાતાકીય તપાસની કાર્યવાહીમાં તેમનો કેસ રજૂ કરવા જે કર્મચારીની મદદ કે સહાય લેવા માંગતો હોય તે કર્મચારી ગુજરાત સરકારનો હોવો જોઈએ.

2. તહોમતદાર ગુજરાત સરકારના નિવૃત્ત સરકારી કર્મચારીની મિત્ર મદદનીશ તરીકે સેવા લઈ શકશે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

196. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 અંતર્ગત ખાતાકીય તપાસ હાથ ધરવા આપવામાં આવતા આરોપનામા સંબંધમાં નીચેનામાંના કયા વિધાન/વિધાનો યોગ્ય છે ?

1. આરોપનામા સાથે આરોપોનું વિવરણપત્રક પૂરાવાપત્રક અને સાક્ષીઓની યાદી મેળવી જરૂરી છે.

2. આરોપનામામાં ભાષા ત્રીજા પુરૂષ એક વચનની રાખવાની હોય છે.

3. સામાન્ય સંજોગોમાં પ્રાથમિક તપાસ અહેવાલનો દસ્તાવેજોની યાદીમાં સમાવેશ કરવાનો હોતો નથી.

(A) 1, 2 અને 3
(B) 1 અને 3
(C) 1 અને 2
(D) 2 અને 3

197. સરકારી નાણાંનો વ્યવહાર કરનાર સરકારી કર્મચારીએ, કોની ખાસ મંજૂરી સિવાય બિનસરકારી નાણાંનો વ્યવહાર પોતાની હેસિયતથી કરવો જોઈએ નહીં ?

(A) સંબંધિત વહીવટી વિભાગની
(B) ખાતાના વડાની
(C) કચેરીના વડાની
(D) સંબંધિત તિજોરી અધિકારીની

198. ભારતના સંવિધાનના કયા અનુચ્છેદની જોગવાઈ અનુસાર રાજ્યપાલશ્રીના હુકમથી જેને કરાર કરવાની સત્તા આપવામાં આવી ન હોય તેવા તાબાના સત્તાધિકારીએ કોઈ પણ કરાર કરવો જોઈએ નહીં ?

(A) અનુચ્છેદ - 166
(B) અનુચ્છેદ - 150
(C) અનુચ્છેદ - 284
(D) અનુચ્છેદ - 299(1)

199. કેટલા રૂપિયાથી ઓછી રકમનું નુકશાન થયું હોય એવા કેસો હોય અને તેમાં કોઈ વિગતવાર વિચારણા માંગી લે તેવી બાબત ન હોય તો એ અંગે હિસાબ - તપાસણી અધિકારીને જાણ કરવાની જરૂર નથી ?

(A) રૂપિયા 1,000/-
(B) રૂપિયા 500/-
(C) રૂપિયા 750/-
(D) ઉપર પૈકી એક પણ નહીં

200. હંગામી સરકારી કર્મચારી કે જેની કેટલા વર્ષની નોકરી થયેલ હોય તો મકાન બાંધકામ પેશગી મળવાપાત્ર થાય છે ?

(A) પાંચ
(B) ત્રણ
(C) બે
(D) સાત

201. ઓછામાં ઓછા કેટલા દિવસની રજા પર જતા સરકારી કર્મચારીને રજા પગારને બદલે પેશગી મંજૂર કરી શકાય છે ?

(A) 60
(B) 45
(C) 30
(D) 90

202. વર્ગ-3 કે વર્ગ-4ની સેવામાં ફરજ બજાવતા સરકારી કર્મચારીએ કેટલા વર્ષની સળંગ નોકરી કરેલ હોય અને નોકરી દરમ્યાન અવસાન પામે તો તેના કુટુંબને તાત્કાલિક રાહત માટેની પેશગી મંજૂર કરી શકાય ?

(A) પાંચ
(B) ત્રણ
(C) બે
(D) ચાર

203. સરકારી કર્મચારીને બદલીના પ્રસંગે સરકારી કર્મચારીને પગાર અને પ્રવાસ-ભથ્થાની મંજૂર કરવામાં આવેલ પેશગી કેટલા માસિક સરખા હપ્તામાં વસૂલ કરવાની હોય છે ?

(A) ત્રણ
(B) પાંચ
(C) આઠ
(D) દસ

204. કરાર કેટલા વર્ષથી વધુ મુદતનો હોય ત્યારે કરારના જુદા-જુદા તબક્કા પુરા કરવા માટે ચોક્કસ સમયપત્રક ઠરાવાયું હોય ત્યારે કરાર છ માસથી વધુ નહીં તેટલા સમયની નોટીસ આપી સરકારની વિવેકબુદ્ધિથી રદ કે ફોક કરવાની જોગવાઈનો કરારમાં સમાવેશ થતો હોવો જોઈએ ?

(A) 2
(B) 3
(C) 5
(D) 4

205. સરકારી લેણાંની આકારણી ઝડપી અને સાચી થાય, તેમજ તેની વસુલાત થાય અને તિજોરીમાં ભરાઈ જાય તે જોવાની ફરજ કોની છે ?

(A) નાણા વિભાગ
(B) મહેસૂલ વિભાગ
(C) પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ
(D) સંબંધિત વહીવટી વિભાગ

206. ખાતાના વડાને ચઢેલા વ્યાજ સહિત બિનવસુલાતપાત્ર લોન અને પેશગીની (સરકારી કર્મચારીઓની લોન અને પેશગી સિવાય) કેટલા રૂપિયા સુધીની માંડવાળ કરવાની સત્તા છે ?

(A) રૂપિયા 15,000/-
(B) રૂપિયા 10,000/-
(C) રૂપિયા 20,000/-
(D) ઉપર પૈકી એક પણ નહીં

207. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, 1998 નિયમો હેઠળ સંબંધિત વહીવટી વિભાગ કે જેને સત્તા સોંપવામાં આવી હોય ત્યાં આંતરિક નાણાકીય સલાહકારની નિમણૂંક થયેલ હોય તો તેના પરામર્શમાં સત્તાનો ઉપયોગ કરી શકે છે. આમ છતાં વ્યક્તિગત કેસમાં નાણાકીય સલાહકારની સલાહથી વિરૂદ્ધ નિર્ણય લેવાની સત્તા નીચેનામાંથી કોને છે ?

(A) સચિવ
(B) સંયુક્ત સચિવ
(C) નાયબ સચિવ
(D) સંબંધિત વિભાગના મંત્રી

208. વહીવટી વિભાગ દ્વારા ‘‘ખાતાના વડા’’ જાહેર કરવા અંગે નીચેનામાંથી કયું/કયા વિધાન યોગ્ય છે ?

1. અધિકારી કોઈ માન્યતાપાત્ર તંત્રના વડા હોવા જોઈએ.

2. અધિકારીનું પગાર ધોરણ ગુજરાત સરકારના ઉપસચિવ કરતાં ઓછું હોવું જોઈએ નહીં.

3. માત્ર વહીવટી વિભાગના સચિવ જ આ સત્તાનો અમલ કરી શકે છે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1, 2 અને 3
(D) 1 અને 3

209. નીચેના વિધાનો ચકાસો.

1. ખાતાના વડા તેના તાબાના કોઈપણ રાજ્યપત્રિત અધિકારીને કચેરીના વડા તરીકે જાહેર કરી શકે છે.

2. એકજ કચેરીમાં એક કરતા વધુ રાજ્ય-પત્રિત અધિકારીને કચેરીના વડા જાહેર કરી શકાય છે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

210. તાબાના સત્તાધિકારીઓને સોંપાયેલ પુનર્વિનિયોગ સત્તા બાબતમાં, ગુજરાત અંદાજપત્ર નિયમસંગ્રહના કયા ફકરામાં મૂકવામાં આવેલા નિયંત્રણો લાગુ પડે છે ?

(A) 104 (B) 105

(C) 103 (D) 102

211. ખાતાના વડા તેઓને એનાયત થયેલ ટેન્ડરની કિંમતની સત્તામર્યાદામાં રહીને ટેન્ડરના દરમાં કેટલા ટકા સુધી ફેરફાર કરી શકે છે ?

(A) 5 ટકા (B) 3 ટકા

(C) 10 ટકા (D) 15 ટકા

212. જગ્યાઓ ઉભી નહીં કરવાની બાબતમાં નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો સાચાં છે ?

1. કર્મચારીઓ નિયુક્ત કરવાની પદ્ધતિનું ઉલ્લંઘન કરીને

2. જગ્યાના ખર્ચને પહોંચી વળવાના નાણાં, સંબંધિત તંત્રને હસ્તક મુકાયેલ જોગવાઈઓમાંથી કાયદેસર વિનિયોગ કે પુનર્વિનિયોગ દ્વારા મળી શકે તેમ ન હોય તે.

3. કોઈ વહીવટી વિભાગના મહેકમ પર સિવાય કે તે વિભાગમાં, સરકારે મંજૂર કરેલ દર કે પગાર ધોરણમાં જ આ પ્રકારની જગ્યા પ્રવર્તતી હોય.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 (D) 1, 2 અને 3

213. આકસ્મિક ખર્ચના કેટલા પ્રકારો છે ?

(A) ત્રણ (B) બે

(C) ચાર (D) પાંચ

214. જંગલી જાનવરોને મારવાનો ખર્ચ એ કયા પ્રકારનો આકસ્મિક ખર્ચ છે ?

(A) સામી સહી જરૂરી હોય તેવો આકસ્મિક ખર્ચ (B) સામી સહી જરૂરી ન હોય તેવો આકસ્મિક ખર્ચ

(C) ખાસ આકસ્મિક ખર્ચ (D) મુકરર દરવાળા આકસ્મિક ખર્ચ

215. સામી સહી જરૂરી હોય એવા આકસ્મિક ખર્ચમાં ઉપાડ અધિકારીએ કેટલા રૂપિયાથી ઉપરના પેટા વાઉચરો બીલની સાથે સામેલ કરવાના હોય છે ?

(A) રૂપિયા 500/- (B) રૂપિયા 1000/-

(C) રૂપિયા 1200/- (D) ઉપર પૈકી એક પણ નહીં

216. વિવેકાધીન અનુદાનમાંથી કરાતા ખર્ચ માટે નીચેનામાંના કયા સિદ્ધાંતો લાગુ પડે છે ?

1. અનુદાન જાહેર હેતુઓ માટે હોવું જોઈએ.

2. કોઈપણ અનુદાન આવર્તક નિર્ધારિત ખર્ચના રૂપમાં દર્શાવવું જોઈએ નહીં.

3. અનુદાનના કોઈ ભાગને નિયત આકસ્મિક ખર્ચના વિનિયોગોના પૂર્તિ તરીકે ખર્ચવો નહીં.

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 1, 2 અને 3 (D) 1 અને 3

217. ઉપાડ અધિકારીએ નીચે દર્શાવેલ કયા મહિનાના પગાર બીલ સાથે ત્રણ માસથી જુનું ઉચ્ચક બીલનું કોઈ વિગતવાર બીલ બાકી નથી તે મુજબનું નિયત્રણ અધિકારીનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહે છે ?

(A) એપ્રિલ (B) જુન

(C) સપ્ટેમ્બર (D) નવેમ્બર

218. કેટલા વર્ષના સમયગાળો વીત્યા સિવાય કોઈ પેટા-વાઉચરોનો નાશ કરી શકાતો નથી ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) પાંચ

219. દર વર્ષે કયા માસમાં કચેરીના વડાએ ડેડસ્ટોકની ચીજવસ્તુઓની પોતે ચકાસણી કરેલ છે તે મતલબનું પ્રમાણપત્ર ખાતાના વડાને મોકલવાનું હોય છે ?

(A) મે
(B) ઓગષ્ટ
(C) જુલાઈ
(D) જુન

220. કાયમી પેશગીની રકમ કોણ નક્કી કરે છે ?

(A) સચિવાલયનો સંબંધિત વહીવટી વિભાગ
(B) નાણા વિભાગ
(C) ખાતાના વડા
(D) કચેરીના વડા

221. તાત્કાલિક જરૂરી હોય પણ મૂળ માંગ યાદી પ્રમાણે સામગ્રી મોકલતી વખતે નિયામક, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી પાસે ન હોય તેવી લેખન સામગ્રીની વસ્તુઓ જરૂરિયાતોના કેટલા ટકા સુધી સ્થાનિક ખરીદી કરી શકાય ?

(A) 50%
(B) 25%
(C) 40%
(D) 60%

222. એકત્રિત ફંડના ''દેવા હિસાબ'' અંતર્ગત નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે ?

1. સરકારી દેવું
2. લોન અને પેશગીઓ
3. દંડ અને શિક્ષાત્મક દંડ
4. વ્યાજની અને પ્રાસંગિક આવક
5. રાજ્ય - રાજ્ય વચ્ચે પતાવટ હિસાબ

(A) 1, 2 અને 4
(B) 1, 2 અને 3
(C) 1, 2 અને 5
(D) 1, 2, 3 અને 5

223. જાહેર હિસાબ અંગે નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો સાચાં છે ?

1. જાહેર હિસાબમાં એવી લેવડ દેવડનો સમાવેશ થાય છે, જેમાં સરકાર શરાફ તરીકે કામગીરી બજાવે છે.
2. લેવડ દેવડ એકત્રિત ફંડને લગતી નહીં હોવાથી જાહેર હિસાબમાંની ચૂકવણીઓ માટે વિધાનસભાની અધિકૃત જરૂરી નથી.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

224. અંદાજપત્રમાં આવકના મુખ્ય સદરોનું કેટલા સેક્ટર હેઠળ વર્ગીકૃત કરવામાં આવે છે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) છ

225. અંદાજપત્રના પ્રકારોને અંતર્ગત ''વાર્ષિક નાણાકીય પત્રક''માં શાનો સમાવેશ થાય છે ?

(A) મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચ
(B) એકત્રિત ફંડ, આકસ્મિક ફંડ અને જાહેર હિસાબને લગતી બીજી આવક અને ચૂકવણીઓ
(C) માત્ર એકત્રિત ફંડની વિગતો
(D) (A) તથા (B) બંને

226. સચિવાલયના વિભાગોએ તેમજ નિયંત્રણ અધિકારીઓએ નાણાકીય વર્ષ દરમિયાનના ખર્ચ માટે તાબાના અધિકારીઓને એમના હસ્તક મુકાયેલી ગ્રાન્ટની રકમની જાણ ક્યારે કરવાની હોય છે ?

(A) એપ્રિલના પહેલા અઠવાડિયામાં
(B) એપ્રિલના બીજા અઠવાડિયામાં
(C) 10 એપ્રિલ સુધીમાં
(D) 20 એપ્રિલ સુધીમાં

227. જાહેર હિસાબ સમિતિના સંબંધમાં નીચેનામાંથી કયા વિધાન યોગ્ય છે ?

1. દર વર્ષે વિધાનસભાના પ્રથમ અધિવેશનની શરૂઆત પછી તેની રચના કરવામાં આવે છે.

2. કોઈપણ મંત્રી આ સમિતિના સભ્ય હોવા જોઈએ નહીં.

3. સમિતિના સભ્યો ફરી ચુંટી કાઢવા માટે લાયક ગણાતા નથી.

(A) માત્ર 1 (B) 1 અને 3

(C) 1 અને 2 (D) માત્ર 3

228. નીચેના વિધાનો ચકાસો.

1. ગુજરાત રાજ્યનું એકત્રિત ફંડ ભારતના સંવિધાનના અનુચ્છેદ 266(1) હેઠળ રચાયેલું ફંડ છે.

2. ગુજરાત રાજ્યનું આકસ્મિક ફંડ એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ 267(2) જોગવાઈ અન્વયે રાજ્યની વિધાનસભાએ સ્થાપેલું ફંડ.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે. (B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

(C) બંને વિધાનો ખોટાં છે. (D) બંને વિધાનો સાચાં છે.

229. અંદાજપત્રના કેલેન્ડરની જોગવાઈ અનુસાર નિયંત્રણ અધિકારીઓએ વહીવટી વિભાગોને બચત સુપરત કરવાની છેલ્લી તારીખ કઈ છે ?

(A) જાન્યુઆરીનું ચોથું સપ્તાહ (B) 15મી ફેબ્રુઆરી

(C) 20મી ફેબ્રુઆરી (D) 5મી માર્ચ

230. નીચેનામાંથી કયા વિધાન યોગ્ય છે ?

1. આકસ્મિક ફંડનો વહીવટ રાજ્યપાલ વતી અને એમના નામે ગુજરાત સરકારના નાણા વિભાગના સચિવ કરે છે.

2. એકત્રિત ફંડમાંથી કરવામાં આવેલ કોઈપણ ખર્ચને આવરી લેવા માટે આકસ્મિક ફંડમાંથી પેશગી મંજૂર થઈ શકતી નથી.

(A) બંને વિધાનો યોગ્ય છે. (B) માત્ર 1

(C) માત્ર 2 (D) બંનેમાંથી એકપણ વિધાન યોગ્ય નથી.

231. નાણાકીય વર્ષ દરમિયાન સુધારેલા અંદાજ તૈયાર કરતી વખતે ચાલુ વર્ષના પ્રથમ કેટલા મહિનાના નોંધાયેલા ખરેખર આંકડા ધ્યાનમાં રાખવાના હોય છે ?

(A) છ (B) સાત

(C) નવ (D) આઠ

232. જે ચીજવસ્તુઓ ભારતમાં ઉત્પાદિત થતી ના હોય અને વિદેશથી ખરીદ કરવી જરૂરી હોય તો તેવા ખાસ કિસ્સામાં કોનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે ?

(A) સંબંધિત વિભાગના સચિવશ્રી (B) ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવશ્રી

(C) નાણા વિભાગના સચિવશ્રી (D) ઉપરના (B) તથા (C) બંનેનું

233. રાજ્યના અતિ નાના (સૂક્ષ્મ), કુટિર તેમજ લઘુ ઔદ્યોગિક એકમો કે જે ટેન્ડર પ્રક્રિયામાં સીધેસીધા જ ભાગ લે તો પ્રાઈસ ટેન્ડર ફોર્મની કિંમત ચૂકવવામાંથી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ ભરવામાંથી મુક્તિ મળવાપાત્ર થાય છે, જો આવા એકમો નીચેના પૈકી કોનો નોંધણી નંબર ધરાવતા હોય તો ?

1. ખરીદી હેઠળની ચીજ વસ્તુઓના ઉત્પાદન માટેનો નોંધણી નંબર

2. સી.એસ.પી.ઓ. અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ અથવા ડાયરેક્ટર જનરલ ઓફ સપ્લાઈઝ એન્ડ ડીસ્પોઝલ્સનો નોંધણી નંબર

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અથવા 2 નો (D) ઉપરના પૈકી એક પણ નહિં

234. રાજ્યના અતિ નાના (સૂક્ષ્મ), કુટિર અને લઘુ ઔદ્યોગિક એકમો નિયત જોગવાઈ સંતોષતા હોય તો રૂપિયા પાંચ લાખથી વધુની ખરીદી હોય તેવા કિસ્સામાં સીક્યોરીટી ડિપોઝીટ કેટલા ટકા લેખે ભરવાની જોગવાઈ છે ?

(A) 2%
(B) 3%
(C) 5%
(D) 4%

235. રાજ્યના સુક્ષ્મ, કુટિર અને લઘુ એકમોને રાજ્યના મધ્યમ તથા મોટા એકમો સામે કેટલા ટકા ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર થશે ?

(A) 3
(B) 5
(C) 7
(D) 10

236. જેલ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓની ખરીદી રૂપિયા .......... ની મર્યાદામાં ભાવપત્રક (ક્વોટેશન) મેળવ્યા સિવાય કરી શકાશે.

(A) રૂપિયા એક લાખ
(B) રૂપિયા પાંચ લાખ
(C) રૂપિયા બે લાખ
(D) ઉપર પૈકી એક પણ નહિં

237. સી.એસ.પી.ઓ.ના ભાવ કરાર અંગેની ટેન્ડર પ્રક્રિયામાં સ્પર્ધાત્મકતા થાય તેવા હેતુને ધ્યાને લઈને ઈ.એમ.ડી.ની મહત્તમ મર્યાદા કેટલા રૂપિયા રાખવાની રહેશે ?

(A) રૂપિયા ત્રણ લાખ
(B) રૂપિયા પાંચ લાખ
(C) રૂપિયા દસ લાખ
(D) રૂપિયા વીસ લાખ

238. સી.એસ.પી.ઓ.ના ભાવ કરાર હેઠળ અંદાજપત્રની જોગવાઈઓને આધીન ખાતાના વડાની કચેરીઓ સીધી કેટલા રૂપિયા સુધીની ખરીદી કરી શકે છે ?

(A) એક કરોડ સુધીની
(B) બે કરોડ સુધીની
(C) દોઢ કરોડ સુધીની
(D) ત્રણ કરોડ સુધીની

239. ટેન્ડર પ્રક્રિયા અનુસર્યા સિવાય મૂળ ઓર્ડરની સામે બીડર પેઢીને નાણાકીય વર્ષ પુરૂ થાય તે પહેલાં અથવા મુળ ઓર્ડરની તારીખથી .......... માસની અંદર એક જ વખત રીપીટ ઓર્ડર આપી શકાશે.

(A) ત્રણ
(B) ચાર
(C) બે
(D) છ

240. જાહેર સત્તામંડળે, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013ની કલમ 4 હેઠળ બહાર પાડેલા જાહેરનામાની તારીખથી કેટલા સમયમાં જવાબદાર મુકરર અધિકારીઓના નામ અને સરનામા જાહેર કરવા જોઈશે ?

(A) બે માસમાં
(B) ત્રણ માસમાં
(C) એક માસમાં
(D) છ માસમાં

241. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013ની જોગવાઈ અનુસાર ફરિયાદ નિવારણ અધિકારી મુકરર અધિકારી કરતાં ઓછામાં ઓછા કેટલા સ્તર ઉપરના હોવા જોઈએ ?

(A) ત્રણ
(B) એક
(C) બે
(D) (B) અથવા (C) બંનેમાંથી કોઈ પણ એક સ્તરના

242. ફરિયાદ કરવામાં આવે તે તારીખથી કામકાજના કેટલા દિવસની અંદર લેખિતમાં અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી અથવા લેખિત સંદેશા મારફતે ફરિયાદની પહોંચ આપીને તેની સ્વીકૃતિની જાણ કરવી જોઈશે ?

(A) સાત
(B) ત્રણ
(C) પાંચ
(D) દસ

243. જાહેર સત્તામંડળ, કેટલી સંખ્યામાં મુકરર સત્તાધિકારીની નિયુક્તિ કરી શકે છે ?

(A) બે
(B) એક
(C) ત્રણ
(D) જરૂરી હોય તેટલા

244. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 અંતર્ગત રચાયેલ રાજ્ય અપીલ સત્તામંડળ અંગે નીચેનામાંથી કયા વિધાન યોગ્ય છે ?

1. સત્તામંડળને દીવાની કાર્યરીતિ અધિનિયમ, 1908 હેઠળ દીવાની કોર્ટમાં નિહિત થયેલ હોય તેવી સત્તા રહેશે.

2. સત્તામંડળને દીવાની કાર્યરીતિ અધિનિયમ, 1908માં નિયત કરેલી કાર્યરીતિ બંધનકર્તા રહેશે નહીં.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

245. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 હેઠળ રચાયેલ રાજ્ય સત્તામંડળ વધુમાં વધુ કેટલી રકમનો દંડ જવાબદાર અધિકારીને કરી શકે છે ?

(A) રૂપિયા 20,000/-
(B) રૂપિયા 25,000/-
(C) રૂપિયા 10,000/-
(D) રૂપિયા 15,000/-

246. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 હેઠળના રાજ્ય સત્તામંડળના સભ્યોની મુદત કેટલી હોય છે ?

(A) 3 વર્ષની મુદત કે સભ્યની વય 65 વર્ષની થાય તે બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી
(B) 3 વર્ષની મુદત કે સભ્યની વય 62 વર્ષની થાય તે બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી
(C) 4 વર્ષની મુદત કે સભ્યની વય 62 વર્ષની થાય તે બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી
(D) 5 વર્ષની મુદત કે સભ્યની વય 65 વર્ષની થાય તે બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી

247. રાજ્ય અપીલ સત્તામંડળ કેટલાથી વધુ ન હોય તેટલા સભ્યોનું બનેલું રહેશે ?

(A) ચાર
(B) પાંચ
(C) બે
(D) ત્રણ

248. કોઈ નાગરિકે માંગેલ માહિતી કોઈ વ્યક્તિની જિંદગી અથવા સ્વતંત્રતા સાથે સંબંધિત હોય ત્યારે જાહેર માહિતી અધિકારીએ આવી અરજી મળ્યાથી કેટલા સમયમાં માહિતી પૂરી પાડવી જોઈએ ?

(A) 24 કલાકમાં
(B) 72 કલાકમાં
(C) 96 કલાકમાં
(D) 48 કલાકમાં

249. માહિતી અધિકાર અધિનિયમ, 2005 કયા સંગઠનોને લાગુ પડાયો નથી ?

1. બોર્ડર રોડ ડેવલોપમેન્ટ બોર્ડ

2. રાજ્ય અનામત પોલીસ

3. આસામ રાઈફલ્સ

4. રાજ્ય સરકાર હસ્તક ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને

(A) 1 અને 2
(B) 1 અને 4
(C) 1, 2, 3 અને 4
(D) 2 અને 3

250. માહિતી અધિકાર અધિનિયમ, 2005 મુજબ ''ત્રાહિત પક્ષકાર'' એટલે –

(A) માહિતી માટે વિનંતી કરનાર નાગરિક સિવાયની કોઈ વ્યક્તિ અને તેમાં જાહેર સત્તામંડળનો સમાવેશ થાય છે.
(B) માહિતી માટે વિનંતી કરનાર નાગરિક સિવાયની કોઈ વ્યક્તિ
(C) જવાબદાર નથી તે વ્યક્તિ
(D) સરકાર સિવાયની વ્યક્તિ

251. માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ અરજી કેવી રીતે થાય ?

1. રૂબરૂ અરજી આપીને

2. સ્વચ્છ રીતે ટાઈપ કરીને અથવા હસ્તલિખિત ટપાલમાં મોકલીને

3. ઈ-મેઈલ દ્વારા

4. નક્કી કરેલી ફી સાથે અરજી કરવાની

(A) 1 અને 2 (B) 1, 2 અને 3

(C) 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

252. માહિતી અધિકાર અધિનિયમ, 2005 અમલમાં આવ્યા પછી સરકારી માહિતીનું વર્ગીકરણ નીચેનામાંથી કયા પ્રકારે થાય છે ?

1. કલમ - 4 હેઠળ સ્વયંભૂ જાહેર કરાયેલી માહિતી.

2. અન્ય પ્રકારની માહિતી કે જે નાગરીકના માંગવાથી જાહેર સત્તામંડળે નિયત સમય મર્યાદામાં આપવાની થાય છે.

3. કલમ - 8 અને 9 હેઠળ માહિતી જાહેર કરવામાંથી મુક્તિ અપાયેલ બાબતે.

(A) 1 અને 3 (B) 1, 2 અને 3

(C) 2 અને 3 (D) 1 અને 4

253. માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ કોમ્પ્યુટર ડિસ્ક કે ફ્લોપી માટે અરજદારે કેટલા રૂપિયા ફી ભરવાની હોય છે ?

(A) રૂપિયા 20/- (B) રૂપિયા 30/-

(C) રૂપિયા 50/- (D) રૂપિયા 100/-

254. મદદનીશ જાહેર માહિતી અધિકારીએ સ્વીકારેલ અરજી, તેણે જાહેર માહિતી અધિકારીને કેટલા દિવસમાં મોકલી આપવી જોઈએ ?

(A) પાંચ (B) સાત

(C) ત્રણ (D) દસ

255. માહિતી અધિકાર અધિનિયમ, 2005 ની કલમ - 4 હેઠળ આપેલા તમામ 17 મુદ્દાઓની માહિતી દરેક જાહેર સત્તામંડળે કઈ તારીખથી તૈયાર રાખવાની હોય છે ?

(A) તા. 1-10-2005 (B) તા. 1-12-2005

(C) તા. 15-10-2005 (D) તા. 12-10-2005

256. જાહેર વહીવટમાં નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે ?

1. કાયદાનો વ્યવસ્થિત અને વિગતવાર અમલ.

2. રાજ્યની નીતિ અને ધ્યેયનો અમલ કરવાનો ઉદ્દેશ.

3. વૈજ્ઞાનિક ધોરણે અને વ્યવસ્થિત રીતે સભાનતાપૂર્વક હાથ ધરવામાં આવતી સામૂહિક પ્રવૃત્તિઓ.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1, 2 અને 3 (D) 1 અને 2

257. 1. જાહેર વહીવટમાં જાહેર હિત સંકળાયેલ હોય તેવી સરકારની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને નિગમોની પ્રવૃત્તિઓ સંકળાયેલ છે.

2. સરકારની વહીવટી ધારાકીય અને ન્યાયવિષયક પાંખોની પ્રવૃત્તિઓનો જાહેર વહીવટમાં સમાવેશ થઈ શકે છે.

(A) બંને વિધાનો સાચાં છે. (B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે. (D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

258. જે જાહેર વહીવટમાં નીચલા સ્તર સુધી સરકારની નીતિઓના કામગીરીને લક્ષમા લેવામાં આવે છે તેમજ ન્યાતંત્ર અને ધારાકીય શાખાઓની કામગીરીને આવરી લેવામાં આવે છે તેવા જાહેર વહીવટના અભિગમને શું કહે છે ?

(A) સંકુચિત અભગમ (B) સંચાલકીય અભિગમ

(C) વાસ્તવલક્ષી વ્યવહારિક અભિગમ (D) વિશાળ અભિગમ

259. જાહેર વહીવટના સંબંધમાં નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?

1. જાહેર વહીવટ સામાજિક શાસ્ત્ર છે.

2. જાહેર વહીવટનું સંગઠન નોકરશાહી સ્વરૂપ છે.

3. જાહેર વહીવટમાં સાતત્ય જળવાય છે.

(A) 1 અને 3
(B) 1, 2 અને 3
(C) 2 અને 3
(D) 1 અને 2

260. જાહેર વહીવટમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ માટે નીચેનામાંથી મહત્વનું કયું છે ?

1. ભ્રષ્ટાચારમાં ઘટાડો

2. નાગરિકોનું સશક્તિકરણ

3. લોકોની શાસનમાં સહભાગીદારી

4. લોકશાહીનું સંવર્ધન

(A) ઉપરના બધાં જ
(B) 1 અને 2
(C) 1, 2 અને 4
(D) 1, 2 અને 3

261. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

જાહેર વહીવટમાં પારદર્શિતા હોવાથી –

1. સરકારના કાર્યોની વ્યવસ્થિત જાણકારી મળે છે.

2. જુદા - જુદા કાર્યો પર થયેલ ખર્ચની વિગતો ઉપલબ્ધ થાય છે.

3. સરકારની ગતિવિધિની જાણકારી મળે છે, જે વહીવટને ઉત્તરદાયિત્વ બનાવે છે.

4. ભ્રષ્ટાચાર પર અંકુશ આવી શકે છે.

5. વહીવટમાં નૈતિકતાનો વધારો કરે છે.

ઉપર પૈકી કયું સાચું/સાચાં છે ?

(A) 1, 2 અને 3
(B) 1, 2, 3 અને 4
(C) 1 થી 5 બધાં
(D) 1, 3, 4 અને 5

262. કાર્યસ્થળે પારદર્શિતા વધારવા માટે નીચેનામાંથી શું જરૂરી છે ?

1. નેતૃત્ત્વધારકોમાં એકબીજાનો વિરોધાભાસ ન હોવો.

2. સંગઠનાત્મક લક્ષ્યો સુનિશ્ચિત હોવા.

3. નિર્ણય - પ્રક્રિયામાં કર્મચારીઓની સહભાગિતા.

4. યોગ્ય વ્યક્તિની યોગ્ય કામ માટે પસંદગી.

5. કાયદાથી કોઈ પર નથી તેમ માનીને નિર્ણય પ્રક્રિયાને અનુસરવી.

(A) 1, 2 અને 3
(B) 1, 2, 3 અને 4
(C) 1, 3 અને 5
(D) 1 થી 5 બધાંજ

263. જાહેર વહીવટમાં તાલીમ એટલે, કર્મચારીઓ માટે –

(A) કુશળતા અને શક્તિઓ વિકસાવવી

(B) ઈચ્છિત દિશામાં તેના વલણને વિકસાવવાના સભાનપૂર્વકના પ્રયત્નો

(C) મૂલ્ય-પ્રણાલિને વિકસાવવા માટે આયોજિત પ્રયત્નો

(D) ઉપર દર્શાવેલ તમામ

264. એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફ કોલેજ નીચેનામાંથી કયા સ્થળે આવેલ છે ?

(A) નાગપુર
(B) હૈદરાબાદ
(C) મુંબઈ
(D) વડોદરા

265. રાજ્ય સરકારના તમામ વર્ગ-1 અને વર્ગ-2 ના સરકારી અધિકારીઓએ દર બે વર્ષે ઓછામાં ઓછી કેટલા દિવસની તાલીમ ફરજિયાત મેળવવાની રહે છે ?

(A) 2 (B) 5

(C) 3 (D) 7

266. સચિવાલયના વહીવટી વિભાગો તથા ખાતાના વડાઓની તેમની કચેરી ખર્ચના કેટલા ટકાની રકમ વહીવટી નિયંત્રણ હેઠળના અધિકારી/કર્મચારીઓને સરકારી કે અન્ય તાલીમ સંસ્થાઓમાં આપવામાં આવતી તાલીમના ખર્ચને પહોંચી વળવા અનામત રાખવાની જોગવાઈ છે ?

(A) 0.2 (B) 0.3

(C) 0.5 (D) 1.0

267. વહીવટી સુધારા માટે નીચેનામાંથી શું જરૂરી છે ?

1. રાજકીય તેમજ વહીવટી સ્તરે સમર્થ નેતૃત્વ

2. વહીવટના કર્મચારીઓમાં સુધારો સ્વીકારવાની તૈયારી

3. સ્થાયી વરિષ્ઠ અધિકારીઓની અગત્યની ભૂમિકા

4. ભરતીની પદ્ધતિમાં ફેરફાર

(A) 1 થી 4 (B) 1, 2 અને 4

(C) 1, 3 અને 4 (D) 2 અને 3

268. ભારત સરકાર દ્વારા પ્રથમ વહીવટી સુધારણાપંચની રચના 1966માં કરવામાં આવી હતી અને પંચે કયા વર્ષમાં સર્વગ્રાહી ભલામણો કરી હતી ?

(A) 1968 (B) 1969

(C) 1970 (D) 1971

269. ગુજરાત સરકાર દ્વારા IWDMS પદ્ધતિ સચિવાલયમાં અમલમાં મૂકેલ છે. IWDMS માં "M" એટલે...

(A) Management (B) Manage

(C) Monitor (D) Mark

270. નીચેના પૈકી કયું/કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. વૈધાનિક સંસ્થાઓ બિનબંધારણીય હોય છે, જે સંસદ અથવા રાજ્ય વિધાનસભા દ્વારા સ્થાપિત થાય છે.

2. આવી સંસ્થાઓ સંસદ કે રાજ્ય વતી નિર્ણયો લઈ શકે છે, કાર્યપદ્ધતિ બનાવી શકે છે.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 (D) બંનેમાંથી એક પણ નહીં

271. નીચેના વિધાનો ચકાસો.

1. વૈધાનિક સંસ્થાઓની રચના સંવિધાનમાં સુધારો કર્યા સિવાય થઈ શકે છે.

2. નિયંત્રક અને મહાલેખા પરીક્ષક તથા ચૂંટણી પંચ સંવિધાનીક સંસ્થાઓ છે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે. (B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

(C) બંને વિધાનો ખોટાં છે. (D) બંને વિધાનો સાચાં છે.

272. નીતિ આયોગ એ .......... પ્રકારની સંસ્થા છે.

(A) બિનબંધારણીય (B) બંધારણીય

(C) વૈધાનિક (D) ઉપર પૈકી એક પણ નહીં

273. નીચેના વિધાનો ચકાસો.

1. વૈધાનિક સંસ્થાઓ તેઓની સત્તા, સેવાવિષયક બાબતોના નિયમો, સંસદ કે વિધાન મંડળે પસાર કરેલ કાયદા અંતર્ગત મેળવે છે.

2. સરકારના વિભાગો કરતાં અમુક ચોક્કસ કાર્યો વિશેષ અસરકારક હાથ ધરાય તે હેતુથી વૈધાનિક સંસ્થાઓની રચના કરવામાં આવે છે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

274. નીચેના વિધાનો ચકાસો.

1. નિયમનકારી સંસ્થાઓ વૈધાનિક કાયદાથી બનાવવામાં આવેલી સ્વતંત્ર સંસ્થાઓ છે.

2. ચોક્કસ ક્ષેત્રની કાર્યવાહીના અમલીકરણ માટે તે બનાવવામાં આવે છે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(D) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

275. નીચેનામાંથી કઈ નિયમનકારી સંસ્થાઓ છે ?

(A) જાહેર લાભ નિગમ (Public Benefit Corporation)
(B) જાહેર સત્તા / અધિકારક્ષેત્રની સંસ્થા
(C) સરકારી એજન્સી
(D) ઉપરના ત્રણેય

276. નીચેનામાંથી કઈ નિયમનકારી સંસ્થા નથી ?

(A) પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝીવ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન
(B) ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા
(C) સેન્ટ્રલ ઈન્સેક્ટીસાઈડ્ઝ બોર્ડ એન્ડ રજીસ્ટ્રેશન કમિટી
(D) ડાયરેક્ટર ઓફ લીગલ મેટ્રોલોજી

277. અર્ધ-ન્યાયિક સંસ્થાઓના નીચેના પૈકી કયા ફાયદાઓ છે ?

1. ન્યાય પાલિકાઓનો કાર્યબોજ ઘટાડે છે.

2. નિષ્ણાંતના જ્ઞાનનો લાભ ઉપલબ્ધ થાય છે.

3. પ્રમાણમાં ઓછું ખર્ચાળ

4. અરજી કરવામાં કે પુરાવાઓ બાબતે સરળ પ્રક્રિયા અનુસરાય છે.

(A) 1 થી 4
(B) 1 અને 2
(C) 1 અને 3
(D) 1, 3 અને 4

278. નીચેના વિધાનો ચકાસો.

1. અર્ધ ન્યાયિક સંસ્થાઓ વૈધાનિક, નિયમનકારી કે બંધારણીય હોઈ શકે છે.

2. આ સંસ્થાના ચુકાદાઓ કાયદાની અદાલતમાં પડકારી શકાય છે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(D) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

279. નીચેનામાંથી કઈ સંસ્થા અર્ધ-ન્યાયિક સંસ્થા છે ?

(A) નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન
(B) ઈન્કમટેક્ષ એપેલેટ ટ્રિબ્યુનલ
(C) ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી એપેલેટ ટ્રિબ્યુનલ
(D) ઉપરની ત્રણેય

280. ગુજરાત સરકાર દ્વારા ઈન્ટીગ્રેટેડ ફાયનાન્સીયલ મેનેજમેન્ટ સીસ્ટમ (IFMS) નો પ્રારંભ કયા વર્ષમાં કરવામાં આવેલ હતો ?

(A) 2008 (B) 2007

(C) 2009 (D) 2010

281. ભારત સરકારનો E-CITY માટેનો નેશનલ ગોલ્ડ એવોર્ડ્ઝ ફોર ઈ-ગવર્નન્સ 2008-09નો નીચેનામાંથી કોને મળેલ છે ?

(A) વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (B) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

(C) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (D) રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

282. નીચેના વિધાનો પૈકી કયું વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. ગુજરાત સરકાર દ્વારા ઈ-કૃષી કિરણ (e-Krishi Kiran) વર્ષ 2004 માં શરૂ કરવામાં આવેલ છે.

2. એ ભારતમાં માહિતીની પહેલી પહેલ છે, જેમાં પાયાના સ્તરે ખેડૂતોના લાભ માટે શરૂ કરવામાં આવેલ હોય.

3. એ વેબ બેઈઝ્ડ ઈન્ફોર્મેશન સીસ્ટમ છે જેમાં જમીનને અનુરૂપ રાસાયણિક ખાતરની ભલામણ કરવામાં આવે છે.

4. પાક ક્યારે, કેવી રીતે અને કયો લેવી તેની જાણકારી મળે છે.

(A) 1 અને 3 (B) 1, 3 અને 4

(C) 2, 3 અને 4 (D) 1 થી 4 બધાં

283. બીજા વહીવટી સુધારણા પંચે ભ્રષ્ટાચાર બાબતે કરેલ ભલામણ સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લો :

1. પંચે બે પ્રકારના ભ્રષ્ટારચાર - 1. સામૂહિક અને 2. જબરદસ્ત (coercive) પ્રકારનો ભેદ બતાવેલ છે.

2. સામૂહિક ભ્રષ્ટાચારના કિસ્સામાં સાબિતીનો બોજ આરોપીના શિરે રાખવાની ભલામણ કરેલ છે.

(A) બંને વિધાનો ખોટાં છે. (B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

(C) બંને વિધાનો સાચાં છે. (D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

284. નીચેના વિધાનો ચકાસો.

1. ભાવનાત્મક બુદ્ધિમતા સ્વયં તથા બીજાની ભાવનાઓને ઓળખવાની ક્ષમતા છે.

2. વહીવટની જટિલતામાં સંતુલન સ્થાપવામાં ભાવનાત્મક બુદ્ધિમતા સહાયભૂત થાય છે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે. (B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

(C) બંને વિધાનો સાચાં છે. (D) બંને વિધાનો ખોટાં છે.

285. કયા લેખકનું પુસ્તક ''ભાવનાત્મક બુદ્ધિ'' (Emotional Intelligence) ને સારા વિશ્વમાં ''ભાવનાત્મક બુદ્ધિ'' શબ્દને પ્રચલિત કરેલ છે ?

(A) વેન પેન (B) હવર્ડ ગાર્ડનર

(C) સ્ટેન્લી ગ્રીનસ્પેન (D) ડેનિયલ ગોલમૈન

286. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ કયા વર્ષનો છે ?

(A) 1988 (B) 1992

(C) 1990 (D) 1994

287. કેન્દ્રિય તકેદારી આયોગની રચના કઈ સમિતિની ભલામણના આધારે થઈ હતી ?

(A) શ્રી કે. ક્રિશ્નન (B) શ્રી. કે. સંથાનમ્

(C) શ્રી એ. કે. ચન્દા (D) પ્રથમ વહીવટી સુધારણા પંચ

288. ભારતમાં લોકપાલમાં અધ્યક્ષ ઉપરાંત કેટલા સભ્યોની જોગવાઈ છે ?

(A) પાંચ (B) છ

(C) સાત (D) આઠ

289. પ્રથમ જન લોકપાલ બીલ કયા વર્ષમાં લોકસભા દ્વારા પારિત કરવામાં આવેલ અને રાજ્યસભામાં પસાર થયેલ ન હતું ?

(A) 1970 (B) 1968

(C) 1972 (D) 1976

290. ગુજરાત લોકાયુક્ત આયોગમાં ઉપ-લોકાયુક્તની સંખ્યા કેટલી હોય છે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) છ

291. ગુજરાત લોકાયુક્ત આયોગમાં નિમાયેલ લોકાયુક્તને નિયત પ્રક્રિયા અનુસર્યા બાદ સાબિત થયેલ ગેર વર્તણૂંક અથવા અસમર્થતાના કારણસર તેમને હોદ્દા ઉપરથી કોણ દૂર કરી શકે છે ?

(A) મુખ્યમંત્રી
(B) કાયદા સચિવ
(C) મુખ્ય સચિવ
(D) રાજ્યપાલ

292. ગુજરાત લોકાયુક્ત આયોગ અધિનિયમ, 2013 હેઠળની ફરિયાદમાં જાણીજોઈને અથવા દ્વેષપૂર્વક કોઈ પણ ખોટા આક્ષેપ કરનાર દરેક વ્યક્તિને, દોષિત ઠર્યે, કેટલા મહિના કરતા વધુ નહિં તેટલી મુદત સુધીની કેદની શિક્ષા અને કેટલા રૂપિયાના દંડને પાત્ર થશે ?

(A) ત્રણ મહિના, રૂપિયા 10,000/-
(B) છ મહિના, રૂપિયા 20,000/-
(C) છ મહિના, રૂપિયા 25,000/-
(D) છ મહિના, રૂપિયા 30,000/-

293. ગુજરાત લોકાયુક્ત આયોગ સમક્ષની કોઈપણ કાર્યવાહી, ભારતના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કઈ કલમોના અર્થ મુજબ ન્યાયિક કાર્યવાહી છે એમ ગણાશે ?

(A) 175 અને 178
(B) 178 અને 179
(C) 180 અને 346
(D) 193 અને 228

294. ગુજરાત લોકાયુક્ત આયોગની કાર્યવાહીઓ અંગે નીચેનામાંથી કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. આ કાર્યવાહીને કોઈ કોર્ટમાં પડકારી શકાશે નહીં.
2. તેની સમીક્ષા કરી શકાશે નહીં.
3. તે રદ કરી શકાશે નહીં.
4. તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહીં.

(A) 2 અને 4
(B) 2 અને 3
(C) 1 થી 4 બધાં
(D) 1, 2 અને 3

295. લોકપાલમાં અધ્યક્ષના પગાર, ભથ્થાંઓ અને અન્ય શરતો અંગે નીચેનામાંના કયા વિધાન યોગ્ય છે ?

1. રાષ્ટ્રપતિ નક્કી કરે તે મુજબ રહેશે.
2. સંસદ નક્કી કરે તે મુજબ રહેશે.
3. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને મળવાપાત્ર હશે તે મળશે.
4. વડાપ્રધાન નક્કી કરે તે મુજબ રહેશે.

(A) માત્ર 1
(B) માત્ર 3
(C) માત્ર 2
(D) માત્ર 4

296. ‘‘જન સેવા કેન્દ્રો’’ સંબંધમાં નીચેનામાંના કયું/કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

1. આ જન સેવા કેન્દ્રો નાગરિક અધિકારપત્ર કાર્યક્રમ હેઠળ ઉભા કરવામાં આવેલ છે.
2. જન સેવા કેન્દ્રો આઉટ સોર્સથી, ઈનહાઉસ પદ્ધતિથી વિગેરે જેવી આલગ-અલગ પદ્ધતિથી ચલાવવામાં આવે છે.
3. રાજ્યના દરેક તાલુકામાં નવા જન સેવા કેન્દ્ર તા. 13-4-11 ના ઠરાવથી ઉભા કરવામાં આવેલ છે.

(A) 1 અને 3
(B) 1, 2 અને 3
(C) 1 અને 2
(D) 2 અને 3

297. જન સેવા કેન્દ્રમાં લોકોને આપવામાં આવતી સેવાના સંદર્ભમાં જે વહીવટી ખર્ચ થવા પાત્ર છે તે સેવા - ચાર્જ તરીકે અરજદાર / અરજી દીઠ કેટલા રૂપિયાની મર્યાદામાં નાગરિકો પાસેથી વસૂલ કરી શકાશે ?

**(A)** રૂપિયા 20/- **(B)** રૂપિયા 30/-

**(C)** રૂપિયા 50/- **(D)** રૂપિયા 100/-

298. જન સેવા કેન્દ્રની આંતરિક ડીઝાઈન કોના દ્વારા નક્કી કર્યા મુજબની રહેશે ?

**(A)** વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ **(B)** મહેસૂલ વિભાગ

**(C)** સંબંધિત જિલ્લાના કલેક્ટર **(D)** સંબંધિત કચેરીના વડા

299. ગુજરાતમાં ક્યારથી નાગરિક અધિકાર પત્ર કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ છે ?

**(A)** 1997 **(B)** 1998

**(C)** 1999 **(D)** 2000

300. જાહેર વહીવટમાં પારદર્શિતા અને / અથવા ઉત્તરદાયિત્વના સંબંધમાં કર્મચારીઓ પાસેથી નીચેનામાંથી કઈ અપેક્ષાઓ રાખી શકાય ?

1. કાર્યસ્થળે નિયત સમયે આવવું.

2. એક ટીમ/જૂથ બનીને લક્ષ્ય પ્રાપ્તિ માટે સારી રીતે ફરજ બજાવવી.

3. પ્રત્યાપનમાં પ્રામાણિકતા બતાવવી

4. ઉદભવેલ પરિસ્થિતિ કે કાર્યની જવાબદારી સ્વીકારવી.

**(A)** 1 અને 2 **(B)** 1, 2 અને 4

**(C)** 1, 2, 3 અને 4 **(D)** 1, 2 અને 3